# નીતિ અને જાહેરવહીવટ

- લેટિન ભાષાના 'AD' અને 'Ministrate' શબ્દ પરથી 'Administration' શબ્દ આવ્યો તેનો અર્થ થાય છે સેવા કરવી કે લોકોની દેખરેખ કે કાળજી રાખવી. આથી જાહેર વહીવટ એટલે 'સરકારી વહીવટ' એવો અર્થ થાય.
- **'વુડ્રો વિલ્સન'** જાહેર વહીવટના પિતા તરીકે ઓળખવામાં આવે છે.
- જાહેર વહીવટની સૌપ્રથમ વ્યાખ્યા આપવાનો પ્રયાસ **હેમિલ્ટને** કર્યો. જાહેર વહીવટની કેટલીક પ્રખ્યાત વ્યાખ્યાઓ નીચે મુજબ છે :

  *<u>**વુડ્રો વિલ્સન**</u> : જાહેર વહીવટ એ કાયદાનો વ્યવસ્થિત અને વિગતવાર અમલ છે.

  *<u>**લ્યુથર ગુલિક**</u> : જાહેર વહીવટ એ વહીવટી શાસ્ત્રનો એવો વિભાગ છે કે જે સરકાર સાથે સંબંધ ધરાવે છે, અને તેમાં કારોબારી, ધારાકિય અને ન્યાય વિષયક વહીવટી પ્રશ્નો પણ આવે છે.

  *<u>**હર્બટ સાયમન**</u> : સામાન્ય રીતે જાહેર વહીવટનો અર્થ રાષ્ટ્રીય, રાજ્ય અને સ્થાનિક સરકારની કારોબારી શાખાનાં કાર્યો એવો થાય છે.

  *<u>**ચાલ્સ બર્ડ**</u> : કોઈપણ વિષય એવો નથી કે જે વહીવટ કર્તા અગત્યનો હોય. છતાંય તેની સર્વ સામાન્ય વ્યાખ્યા નીચે મુજબ છે :

  " જાહેર વહીવટ એટલે રાજ્યની નીતિ અને ધ્યેયનો અમલ કરવાના ઉદ્દેશ્ય થી સભાનતા પૂર્વક હાથ ધરવામાં આવતી સામુહિક અને બૌદ્ધિક પ્રવૃતિઓનું અધ્યયન કરતું શાસ્ત્ર."
- ઈતિહાસ તરફ દ્રષ્ટિ કરીએ તો વિશાળ રોમન સામ્રાજ્યની વ્યવસ્થા માટે સમ્રાટ 'ઓગસ્ટસ' ની સિવિલ સેવા, ઇ.સ.પૂર્વે ૨૦૦ વર્ષ પહેલા ચીનના 'હાનવંશ' ના સમયે સિવિલ સેવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓનું અસ્તિત્વ તથા રાજ્ય વહીવટ માટે અંદાજપત્ર ની વ્યવસ્થા એ રાજ્ય વહીવટની પ્રવૃતિ કેટલી વ્યવસ્થિત રહી તેનો ખ્યાલ આવે છે. આ ઉપરાંત કૉન્ફુસિયસના લખાણો, એસેરિયનમી તક્તિઓ, એરિસ્ટોટલનો ગ્રંથ 'પોલિટિક્સ', મેક્યાવેલીનો ગ્રંથ 'ધી પ્રિન્સ', માં રાજ્ય વહીવટની પ્રવૃતિનાં વર્ણનો જોવા મળે છે. આ સર્વમાં કૌટિલ્યનો ગ્રંથ 'અર્થશાસ્ત્ર' એ જાહેર વહીવટની સૌથી વિસ્તૃત સમજ આપે છે.
- આજના સમયમાં જે રૂપે જાહેર વહીવટ છે તેની શરૂઆત ૧૮ મી સદીમાં જર્મની તથા ઓસ્ટ્રેલિયામાં "કેમેરાવાદી" વિચારકોએ સરકારી પ્રવૃતિઓના સંચાલન માટે અભ્યાસો શરૂ કર્યો. તેમાં 'જ્યોર્જ ઝિંક અગ્રણી ચિંતક હતો.
- આ દિશામાં વધૂ સઘન પ્રયત્ન અમેરિકાના 'હેમિલ્ટને' ૧૭૮૭ માં કર્યો. તેણે 'ધ ફેડરાલિસ્ટ' માં રાજ્ય વહીવટનો અર્થ અને અભ્યાસ ક્ષેત્ર અંગે નિબંધ લખ્યો. આ બાબતે 'વુડ્રો વિલ્સન' સૌથી પ્રખ્યાત બન્યા.
- અમેરિકન વહીવટ શાસ્ત્રી 'લ્યુથર ગુલિકે' સંચાલકીય દ્રષ્ટી બિંદુને સમજાવવા અમેરિકન 'POSDCORB' નો સિધ્ધાંત આપ્યો જે નીચે મુજબ છે.

  P – Planning (**આયોજન**)
  O – Organization (**સંગઠન**)
  S – Staffing (**કર્મચારી ગણ**)
  D – Direction (**માર્ગદર્શન**)
  C Coordination (**સંકલન**)
  O

R – Reporting (**અહેવાલ**)
B – Budgeting (**અંદાજપત્ર**)

- **હેન્રી ફેયોલ**
  ૧)આયોજન, ૨)સંગઠન, ૩)આદેશ, ૪)સંકલન, ૫)અંકુશ
- **પ્રો. વિલોબી**
  ૧) સમાન્ય વહીવટ – કાર્ય વિભાજન, સંચાલન, નિયંત્રણ
  ૨) સંગઠન
  ૩) કર્મચારીઓનું સંગઠન
  ૪) સાધનો અને પૂરવઠો
  ૫) નાણાંકીય સહાય
- 'લ્યુથર ગુલિક' નાં સિદ્ધાંતમાં ખામી તરફ આંગળી ચિંધતા વહીવટ શાસ્ત્રી 'લ્યુઇસ મેરિયમ' જણાવે છે કે, તેમાં વિષય વસ્તુંના જ્ઞાનનો સમાવેશ થતો નથી.
- ઇ–ગવર્નન્સ : રાજ્ય વહીવટ માટે કમ્પ્યુટર, ઇ–મેલ, વિડિયો કોન્ફરંસ, મોબાઇલ વગેરે જેવા ઇલેક્ટ્રિક માધ્યમો થકી વહીવટ કરવામાં આવે તેને 'ઇ–ગવર્નન્સ' કહે છે.

## રાજ્ય વહીવટ (જાહેર) & ખાનગી વહીવટ :

- વહીવટી શાસ્ત્રી **'નિગ્રો'**ના મતે લોકોના માટે કરવામાં આવતી સેવા વહીવટનું વાસ્તવિક હદય છે. રાજ્ય વહીવટનો મુળભુત હેતું લોકોનું કલ્યાણ છે.
- રાજ્ય વહીવટનું સંગઠન અમલદાર શાહી (Byerocracy) નાં સિદ્ધાંતના આધારે, જ્યારે ખાનગી વહીવટનું સંગઠન વ્યાવસાયિકતાના આધારે ગોઠવાયેલું હોય છે.
- **પોલ એપલ બી** : ના મત મુજબ સરકારી વહીવટ પોતાના સાર્વજનિક સ્વરૂપના લીધે ભિન્ન હોય છે તે લોક સમીક્ષા અને લોકમતની આધીન હોય છે.
- **હર્બટ સાયમન** : ને નોંધ્યું છે કે સામાન્ય વ્યકિતઓની દ્રષ્ટિ સાર્વજનિક વહીવટ રાજનીતિથી પરિપૂર્ણ અને લાલ ફિતાવાદી હોય છે; જ્યારે ખાનગી વહીવટ રાજ્યનીતિ શુન્ય અને ચૂસ્તીથી કામ કરવાવાળું હોય છે.
- **ડૉ.એમ.પી.શર્મા**ના મત મુજબ રાજ્ય વહીવટ અને ખાનગી વહીવટએ વહીવટ રૂપી સિક્કાની બે બાજુંઓ છે, પરંતુ પોતાની આગવી મહત્તા અને ટેકનીકો છે જે તેમને વિશિષ્ટ સ્વરૂપ બક્ષે છે.

## રાજ્ય વહીવટનાં વિવિધ તબક્કા

- **પ્રથમ તબક્કો** : ૧૮૮૭ થી ૧૯૨૬
  પ્રથમ તબક્કામાં રાજ્ય વહીવટનો વિકાસ રાજ્યશાસ્ત્રની એક શાખા તરીકે વિશેષ બન્યો.
  → F. J. ગુડનાઉ :- 'રાજકારણ અને વહીવટ'
  → L.D. વાઇટ :- 'રાજ્ય વહીવટનાં અભ્યાસની ભૂમિકા'
- **બીજો તબક્કો** : ૧૯૨૭ થી ૧૯૩૭
  આ સમયમાં રાજ્ય વહીવટ એક સ્વતંત્ર વિજ્ઞાન તરફ આગેકુચ કરી શકે તે માટે વહીવટી શાસ્ત્રીઓએ કેટલાક સિદ્ધાંતો આપ્યા.
  → W.F. વિલોબી :- 'રાજ્ય વહીવટનાં સિદ્ધાંત'
  → લ્યૂથર ગુલીક અને ઉર્વિક :- 'વહીવટી વિજ્ઞાન ઉપર નિબંધ'

→ લ્યૂથર ગૂલીક 'POSDCORD' નો ખ્યાલ અને મેક્સ વેબરે 'અમલદારશાહી'નો આદર્શ ખ્યાલ આપ્યો.

- **ત્રીજો તબક્કો** :- ૧૯૩૮ થી ૧૯૪૭
  આ સમયગાળા દરમ્યાન સિદ્ધાંતોથી આગળ વધીને વ્યવહારિક પાસા ઉપર ભાર મુકાયો.
  → ચેસ્ટર બર્નાર્ડ :- 'કારોબારેનાં કાર્યો'
  → હર્બટ સાયમન :- 'વહીવટી વર્તન'
  → રોબર્ટ ડેલ :- 'રાજ્ય વહીવટનું વિજ્ઞાન અને સમસ્યાઓ'
- **ચોથો તબક્કો** : ૧૯૪૮ થી ૧૯૭૦
  આ તબક્કામાં નવીન રાજ્ય વહીવટની વિચારણા શરૂ થઇ. આ બાબતે ૧૯૫૬ માં "ઍડમીનીસ્ટ્રેટીવ સાયન્સ ક્વાટરલી" નામનું મેગેઝીન શરૂ થયું.
- **પાંચમો તબક્કો** : ૧૯૭૧ પછી
  આ સમયગાળામાં રાજ્ય વહીવટનો એક સ્વતંત્ર શાસ્ત્ર તરીકે વિકાસ થયો. રાજ્ય શાસ્ત્ર બાબતે ૧૯૬૮ માં "મિન્નો બ્રુક" સંમેલન યોજાયું.
  → જ્યોર્જ ફ્રેડરિક શૉ :- **'નવીન રાજ્ય વહીવટ"**

## કારોબારી

- રાજ્ય કારોબારીનો સમગ્ર દોર જેનાં હાથમાં હોય તેને કારોબારી કહે છે.
  મુખ્ય કારોબારીનાં પ્રકાર :
  → સામન્ય રીતે કારોબારી ને બે પ્રકારમાં વહેંચી શકાય.
  ૧) સંસદીય કારોબારી ૨) પ્રમુખિય કારોબારી

  **૧) સંસદીય કારોબારી :-**
  બે સ્વરૂપ જણાય છે. ૧) નામમાત્રની કારોબારી, ૨)વાસ્તવિક કારોબારી. બ્રિટનમાં રાજા–રાણી કે ભારતનાં રાષ્ટ્રપતિ નામ માત્રની કારોબારી છે. જયારે, બ્રિટન કે ભારતના વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી છે. અહીં, મુખ્ય કારોબારી ની રચના ધારાસભા માંથી થાય છે.

  **૨) પ્રમુખીય કારોબારી :**
  → પ્રમુખ પદ્ધતિમાં મુખ્ય કારોબારી પ્રમુખ એટલે કે પ્રેસિડેન્ટ અથવા રાષ્ટ્રપતિ છે. તે ચોક્કસ સમય માટે ચુંટાય છે અને મંત્રીમંડળની રચના કરે છે. પરંતુ, મંત્રીઓ ધારાસભાના સભ્યો નથી. પ્રમુખ તથા તેનું મંત્રીમંડળ ધારાસભાને જવાબદાર ગણાતું નથી.
  → પ્રમુખ ધારાસભાનું વિસર્જન કરી શકતા નથી. અમેરિકા આ પ્રકારની શાસન પદ્ધતિનું શ્રેષ્ઠ ઉ.દા. છે.
- કારોબારીના અન્ય પ્રકારમાં બહુજન કારોબારી છે. આવો વિશિષ્ટ પ્રકાર માત્ર સ્વિટ્ઝરલેંડમાં છે. અહીં કારોબારી સાત(૭) સભ્યોની પરિષદની બનેલી છે, તે પોતાના માંથી એકને પ્રમુખ અને એકને ઉપપ્રમુખ ૧ વર્ષ માટે ચુંટે છે, અને તમામ સભ્યો સમાન ગણાય છે.

## સંગઠનનાં અભિગમો અને સિદ્ધાંતો

મનુષ્ય સામાજીક પ્રાણી છે. તેથી મનુષ્યને સંગઠનમાં રહેવું ગમે છે. કાળક્રમે સંગઠનના જુદા–જુદા પ્રકારો અને અભિગમોનો ઉદ્ભવ થયેલો છે.

1. **વૈજ્ઞાનિક સંચાલન** :- હેન્રી ટોવને ૧૮૮૬ માં અમેરિકન સોસાયટી ઓફ મિકેનિકલ એન્જીનિયરમાં વૈજ્ઞાનિક સંચાલનનું તત્વજ્ઞાન સમજાવતો નિબંધ રજૂ કર્યો હતો. ત્યારબાદ વિન્સલો ટેલરે શ્રમિકોની

કામ કરવાની ગતિ અને સમયનાં અભ્યાસો દ્વારા શ્રમિકોની કાર્યશક્તિ માપવા બાબતે વૈજ્ઞાનિક ઢબે પ્રયત્ન કર્યો.

2. **અમલદારશાહી વાદ** :- અમલદારશાહી માટે અંગ્રેજીમાં વપરાતો 'બ્યુરોક્રેસી' શબ્દ ફ્રેંચ ભાષામાંથી આવ્યો. ફ્રેંચમાં તેનો મતલબ 'ડેસ્ક'(ટેબલ) પરથી ચાલતી સરકાર છે. બ્યુરોક્રેસી શબ્દનો સૌપ્રથમ ઉપયોગ ૧૮ મી સદીમં ફ્રેંચ અર્થશાસ્ત્રી વિન્સેન્ડ ડી. ગાર્નેએ કર્યો હતો. અમલદારશાહી ઉપર સૌથી મોટું પ્રદાન જર્મન સમાજશાસ્ત્રી મેક્સવેબરનું ગણાય છે. તેણે આદર્શ પ્રકારની અમલદારશાહીનાં લક્ષણો આપેલા. ત્યારબાદ એફ.એમ.માર્ક્સે અમલદારશાહીનાં ચાર પ્રકાર ગણાવ્યા છે.

- **વાલી પ્રકાર** : તેમાં શાસ્ત્રો પર અપાયેલ આધારો પર નાગરિકોમાંથી કર્મચારીઓની ભરતી થતી. Ex. ચીન, રશિયા
- **જ્ઞાતિગત પ્રકાર** : તેમાં ઉચ્ચવર્ગ કે વર્ણનાં લોકોને નાગરિક સેવામાં ભરતી કરાતા. Ex., પ્રાચીન ભારતનાં બ્રાહ્મણો, ક્ષત્રિયો.
- **પેટ્રોનેજ પ્રકાર** : આ પ્રકારમાં રાજકીય કૃપા પાત્રોને નાગરિક સેવામાં લેવાતા. Ex. બ્રિટન, યુ.એસ.
- **લાયકાત પ્રકાર** : આજે દુનિયામાં મોટાભાગના દેશોમાં લાયકાત આધારિત સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા નાગરિકોને લોકસેવામાં ભરતી કરાય છે.
- **યાંત્રિક વાદ** : યાંત્રિકવાદ એ સંગઠનનો પરંપરગત અભિગમ છે. તેમાં સંગઠનનાં કર્મચારીઓના સ્થાન, અધિકાર અને ફરજો નિશ્ચિત કરવાં તથા કર્મચારીઓ ઉપર નિરીક્ષણ અને નિયંત્રણની પ્રણાલીઓનો સમાવેશ થાય છે.
- **માનવ સંશાધન સિદ્ધાંત** : ઇલ્ટર્ન મેયોએ સંગઠનનાં હેતુની સિદ્ધિ માટે સહકારને સ્વાભાવિક રીતે પ્રોત્સાહિત કરવા ઉપર ભાર મુક્યો. આ સિદ્ધાંત પ્રમાણે સંચાલને માનવ પરિસ્થિતિને ધ્યાનમાં લેવી જોઇએ. કર્મચારીને પ્રેરણા તથા દિશા આપવી જોઇએ.
- **વર્તનવાદી અભિગમ** : વર્તનવાદી અભિગમને વિકસાવવાનું માન હર્બટ સાયમનને ફાળે જાય છે. આ અભિગમ વ્યક્તિનાં વર્તન ઉપર ભાર આપે છે. અને તે માનસિક પરિબળને મહત્વનું ગણે છે.
- **પ્રથા અભિગમ** : ૧૯૨૦ નાં દાયકામાં જોન બટાલાન્ફીએ પ્રથાના ખ્યાલને જન્મ આપેલો. પ્રથાના પ્રત્યેક ભાગો આંતરિક રીતે પરસ્પર આંતરક્રિયા કરે છે. પ્રથાના એક ભાગમાં પરિવર્તન આવે તો અન્ય ભાગોમાં પણ પરિવર્તન આવે છે. આધુનિક રાજ્ય વહીવટનાં મોટા સંગઠનોનાં અભ્યાસમાં પ્રથા અભિગમ ઉપયોગી છે.

- **સંકલનનો સિદ્ધાંત** : સંકલનનો સિદ્ધાંતએ સંગઠન અને સંચાલન માટે પાયાનો સિદ્ધાંત છે. વિભિન્ન ભાગોનું પરસ્પર અનુકૂલન, ભાગીદારીઓની ગતિવિધિઓ તથા પરિબળોનું અનુકૂલન એ જ સંકલન છે. સંકલનનાં બે મહત્વનાં પાસા છે.

  A) રચનાત્મક

  B) કાર્યાત્મક
- ભારતમાં મુખ્ય કારોબારીને તેનાં કાર્યોમાં મદદરૂપ થવા પ્રધાનમંડળ તેમજ સચિવાલય, પ્રધાનમંડળ સમિતિઓ અને સલાહકાર સંસ્થાઓ છે.

## લાઇન, સચિવાત્મક અને સહાયક એકમો

રાજ્ય વહીવટના મહત્વનાં ખ્યાલોમાં લાઇન, સચિવાત્મક અને સહાયક એકમોનો સમાવેશ થાય છે. એક સમય અર્થમાં ત્રણેય એકમો સિંધુ ખીણની સંસ્કૃતિ સમયે પણ હાજર હતો. પરંતુ, તેઓનાં શાસ્ત્રિય ખ્યાલ ૧૮ મી સદીમાં ફ્રેડ્રીકન આગેવાની નીચે પ્રશિયન લશ્કરમાં વિકસ્યો. ત્યાંથી યુરોપિયન લશ્કરોમાં અને છેલ્લે અમેરિકન લશ્કરોમાં આ એકમોનો સ્વિકાર થયો. આ ત્રણેય એકમો આજે મુખ્ય કારોબારીના વધતા જતાં કાર્યોમાં સહાયક બની છે.

1. **લાઈન :** લશ્કરી વહીવટમાં યુદ્ધનાં મેદાનમાં દુશ્મનને સીધો સીધો મુકાબલો કામ કરવાનું કામ જે એકમ કરે છે તેને 'લાઇન' એકમ કહે છે. નાગરિક વહીવટી સંગઠનમાં સોપાનિક ક્રમમાં ગોઠવાયેલા જે એકમો આદેશ આપે છે તથા આદેશ પ્રમાણે કામગીરી બજાવે છે તેને લાઇન એકમ કહે છે.
   → કોઇપણ દેશનું વહીવટી તંત્ર જે મોટા વિભાગો કે ખાતાઓમાં વિભાજીત હોય તે લાઇન એકમો છે. ખાતઓ ઉપરાંત નિયામકો, પંચો અને જાહેર કોર્પોરેશનમાં પણ 'લાઇન' એકમો છે.
2. **સહાયક એકમ** :યુદ્ધનાં મેદાનમાં લડતાં સૈનિકોને ખોરાક, દાક્તરી સારવાર, શસ્ત્રો પુરા પાડવાનો અને માહિતી પુરી પાડવાનું કામ સહાયક એકમો કરે છે. તેવી જ રીતે રાજ્ય વહીવટમાં લાઇન એકમોને તેના મુળ ક પ્રાથમિક કાર્યોમાં મદદ કરવાનું કાર્ય સહાયક એકમો કરે છે.
   → સહાયક એકમોનાં કાર્યો લોકોને સામાન્ય રીતે સ્પર્શતા ન હોવાથી સંગઠનની બહાર તેઓ ઓછા જાણીતા હોય છે. તેમનો પ્રભાવ સંગઠનની બહાર જણાતો નથી. મધ્યસ્થ ખરીદ વિભાગ અને સિવિલ સેવા પંચ તેના ઉ.દા. છે.
3. **સચિવાત્મક સ્ટાફ :** લશ્કીરી સંગઠનમાં લાઇન એકમોને સલાહ સુચન આપનાર અને વ્યુહરચના ગોઠવનાર સચિવાત્મક એકમો છે. તેજ રીતે મુખ્ય કારોબારીને કે સંગઠનના વડાને વિચારવામાં કે નિર્ણય લેવામાં મદદ આપવાનું કે સલાહ આપવાનું જે એકમો કરે છે તેને સચિવાત્મક એકમો કહે છે.

## ✚ ખાતુ કે વિભાગ

સોપાનીક તંત્રની રચનામાં મુખ્ય કારોબારી પછીનું સ્થાન ખાતનું હોય છે. મુખ્ય કારોબારી સ્વરૂપે રાજકીય હોય છે, પરંતુ ખાતુ સ્વરૂપે વહીવટી હોય છે. ખાતુએ વહીવટનું પરંપરાગત એકમ છે. સરકારના વિવિધ વિભાગો કાર્ય વિભાજન અને કાર્ય સંકલનની મૂળભુત પ્રક્રિયાના એકમો છે.

ખાતાના પ્રકાર : મુખ્યરૂપે ખાતાઓના ચાર પ્રકાર પાડવામાં આવ્ય છે.

1. **કદની દ્રષ્ટિએ :**
   ખાતાની કદની દ્રષ્ટિએ મોટા ખાતા અને નાના ખાતા એવા પેટા પ્રકાર પાડી શકાય. ભારત સરકારના રેલવે, સંરક્ષણ, તાર–ટપાલ વગેરે મોટા ખાતના ઉ.દા. છે. જ્યારે રાજ્ય સ્તરે સમાજકલ્યાણ ખાતુ, સંસદીય વિભાગ વગેરે નાના ખાતાના ઉ.દા. છે.
2. **માળખાની દ્રષ્ટીએ** :તંત્ર કે માળખાની દ્રષ્ટિએ ખાતાના એકતંત્રી અને સમવાયતંત્રી એવા પ્રકાર પાડી શકાય. એક તંત્ર ખાતુ એક જ હેતુની દ્રષ્ટિએ રચાયેલું હોય છે. સંરક્ષણ અને શિક્ષણ ખાતાને આ પ્રકારમાં ગણી શકાય.
   જ્યારે સમવાયતંત્ર ખાતુ એવું ખાતુ છે જેમાં અનેક વિધ કાર્યો તથા અનેકવિધ પેટાવિભાગો જોડાયેલા હોય. ભારતમાં ગૃહ ખાતુ આ પ્રકારનું ખાતુ છે. તેમાં સિવિલસેવા, કાયદો અને વ્યવસ્થા જેવા ઘણા પેટા વિભાગોનો સમાવેશ થાય છે.
3. **કાર્યના સ્વરૂપની દ્રષ્ટિએ :**
   કાર્યરત ખાતું અને દેખરેખ ખાતું.
4. **ભૌગોલિક પ્રદેશની દ્રષ્ટિએ :**
   કેટલાક ખાતાઓ વિશાળ ભૌગોલિક વિસ્તારમાં વિસ્તરેલા જણાય છે. જ્યારે કેટલાક ખાતાઓ મુખ્ય કાર્યાલયમાં જ સમાય જાય છે.

## ✚ જાહેર કોર્પોરેશન

- જાહેર કોર્પોરેશન એ સરકારી સાહસ છે જેની સ્થાપના એ કોઇ વિશેષ વ્યાપારને ચલાવવા અથવા નાણાંકીય ઉદ્દેશને પ્રાપ્ત કરવા કેન્દ્ર, રાજ્ય અથવા સ્થાનિક કાયદા દ્વારા થાય છે. ભારતમાં કોર્પોરેશન નો પ્રારંભ સ્વતંત્રતા પછી "દામોદરવેલી કોર્પોરેશન" અને "ઈન્ડસ્ટ્રીયલ ફાઇનાન્સ કોર્પો." થી ૧૯૪૮

માં સ્થાપનાથી પ્રારંભ થયો.
ભારતમાં લોકસભાની ૧૯૬૩ માં રચાયેલી જાહેર સાહસ સમીતી ભારતમાં જાહેર કોર્પોરેશનના સુધારણા માટે ભલામણો કરે છે.

## બોર્ડ

- જ્યારે સતા અને સતાધિકાર એક જ વ્યક્તિને વિભાગમાં સોપાય ત્યાર તે બ્યુરો પ્રથા બને છે. પરંતુ, જ્યારે સતા અને સતાધિકાર બે કે તેથી વધુ વ્યક્તિને સોપાય ત્યારે બોર્ડ પ્રથા કહેવાય. ભારતમાં રેલવે બોર્ડ, મહેસૂલ બોર્ડ, આંતરિક ઉદ્યોગો, વ્યાપાર, વાહનવ્યવહાર વગેરે માટે બોર્ડ પ્રથા જોવા મળે છે.

## પંચ અથવા કમિશન

- પંચ એ એવું સંગઠન છે જે સ્વ વિવેકથી કાર્યો કરે છે. છતાં તે પ્રધાનની સતાથી સ્વતંત્ર હોય છે. તેની રોજ બરોજની કામગીરી ઉપર કારોબારીનો કોઇ અંકુશ હોતો નથી. તેનાં સભ્યોની નિમણૂક ચોક્કસ સમય માટે થાય છે અને તેમને સ્થાન પરથી દૂર કરવાં હોય તો ચોક્કસ પ્રક્રિયા હાથ ધરવી પડે છે. કર્મચારીઓની પસંદગી, સતાના પ્રતિનિધાનની રચના, અર્થતંત્રના કેટલાક પાસાં માટેના નિયમ ઘડતર જેવી બાબતોમાં જ્યાં કારોબારીનાં નિયંત્રણથી સ્વતંત્ર સંગઠનની જરૂર હોય ત્યાં પંચની રચના ઉપયોગી થાય છે.

ભારતમાં ત્રણ પ્રકારનાં પંચો જોવા મળે છે.
1. જેમની રચના બંધારણીય જોગવાય પ્રમાણે થાય છે. જેમ કે, ચુંટણીપંચ, UPSC, GPSC વગેરે.
2. એવા પંચો કે જેમની રચના સંસદના કાયદા દ્રારા થાય. જેમ કે, નીતીપંચ, અનુદાન પંચ, અણુશક્તિ પંચ વગેરે.
3. એવા પંચોનો સમાવેશ થાય છે કે જેમની રચના કારોબારીના નિર્ણયથી થઇ હોય પરંતુ તેના માટે કોઇ કાયદો પ્રસારિત થયો ન હોય, જેમ કે, વિવિધ પ્રકારના તપાસપંચ આ પ્રકારમાં સમાવેશ થાય.

## સંદેશા વ્યવહાર (સંચાર અથવા કોમ્યુનિકેશન)

સંદેશા વ્યવહારએ રાજ્ય વહીવટનું પાયાનું શાસન છે. આજે વિશ્વના તમામ પ્રદેશોમાં માહિતી, પ્રકાશન અને લોક સંપર્ક મહત્વના બન્યા છે.
સંદેશા વ્યવહારના પ્રકાર : રાજ્ય વહીવટમાં ત્રણ પ્રકાર પડે છે.
1) **ઊર્ધ્વ સંદેશા વ્યવહાર** :- નિમ્ન સ્તરેથી ઉપર જતા સંદેશા
2) **નીમ્ન સંદેશા વ્યવહાર** :- ઉપરથી નીચે જતા સંદેશા
3) **સમાંતર સંદેશા વ્યવહાર** :- એક વિભાગ માંથી બીજા વિભાગમાં જતા સંદેશા

- અબ્રાહમ મોસલોનો જરૂરિયાતનાં કોટિક્રમનો સિદ્ધાંત :- તેના મતે મનુષ્યએ જરૂરિયાતો ધરાવતું પ્રાણી છે. અને ભાગ્યેજ તે સપૂર્ણ સંતોષની સ્થિતિએ પહોંચે છે. જેવી એક ઇચ્છા સંતોષાય છે, એટલે બીજી ઇચ્છા તેનું સ્થાન લે છે.
- ફ્રેડરિક હર્જબર્ગનો દ્રિપરિબળનો સિદ્ધાંત :- તેનાં મતે તમામ લોકોની આવશ્યકતાઓ બે પ્રકારની છે.
  1) તકલીફથી બચવું, 2) મનોવૈજ્ઞાનિક રીતે વિકાસ કરવો.
  હર્જબર્ગે આ સિદ્ધાંતમાં કાર્યસંતોષ અને કાર્યઅસંતોષનાં પાંચ પાંચ મજબુત પરિબળો શોધ્યા હતાં.

## કર્મચારી વહીવટ :

- સિવિલ સેવા ૧૮૫૩ નાં ચાર્ટર એક્ટમાં સંપુર્ણપણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા સિવિલ સેવકોની ભરતીપ્રથાનો બ્રિટને સ્વીકાર કર્યો. ૧૮૫૪ માં રચાયેલી નોર્થકોટ ટ્રેવેલીયન સમિતિએ તેના અહેવાલમાં સૌપ્રથમ 'સિવિલસેવા' શબ્દ વાપરી 'સિવિલ સેવાપંચ' જેવી તટસ્થ સંસ્થા માટે ભલામણ કરી. ૧૮૮૩ માં અમેરિકાએ પેન્ડલ્ટનનો ધારો પસાર કરી સિવિલ સેવકો માટે સ્પર્ધાત્મક પરીક્ષા દાખલ કરી. આધુનિક લાયકાત આધારિત સિવિલ સેવામાં કર્મચારીઓની ભરતી માટે બે પ્રકારની પદ્ધતિનો ઉપયોગ થાય છે.
  1) પ્રત્યક્ષ ભરતી, 2) આંતરીક ભરતી.
- **સિવિલ સેવકોની ભરતી માટે કસોટી :** સિવિલ સેવકોની પસંદગી માટે તેમની યોગ્યતા ચકાસવા મુખ્યત્વે છ પ્રકારની કસોટી લેવાય છે. 1)લેખિત કસોટી, 2)મૌખિક કસોટી, 3)કાર્યકૌશલ કસોટી, 4)શૈક્ષણિક લાયકાતો અને અનુભવોનું મૂલ્યાંકન, 5) મનોવૈજ્ઞાનિક કસોટી, 6) શારીરિક કસોટી.
- **તાલીમ :** સિવિલ સેવકોની કાર્યક્ષમતા વિકસે તે માટે તેમને યોગ્ય તાલીમ અપાય તે જરૂરી છે. તાલીમનાં મુખ્ય બે પ્રકાર છે.
  1) ઔપચારિક તાલીમ : પોતાની ફરજ પ્રત્યે પૂરતી ગંભીરતા કેળવાય તે માટે ધોરણસરની તાલીમ અપાય તે ઔપચારિક તાલીમ છે. ઔપચારિક તાલીમનાં પેટા પ્રકાર છે. 1)પૂર્વ સેવા તાલીમ, 2)સઘન તાલીમ, 3)સેવાકાલીન તાલીમ, 4)અનુતાલીમ.
  2)અનૌપચારિક તાલીમ : અનૌપચારિક તાલીમનાં જૂના કર્મચારીઓ પાસે અથવા ઉપરી કર્મચારીઓ પાસે જે તાલીમ મળે તેને 'અનઔપચારિક' તાલીમ કહે છે.
- **મૂલ્યાંકન :** તાલીમનાં અંતે લેખિત કે મૌખિક કસોટી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે.
- કાર્યક્ષમતાં મૂલ્યાંકન [પર્ફોમન્સ એપ્રોઇઝલ] :- કાર્યક્ષમતા મૂલ્યાંકન માટે પરંપરાગત દષ્ટિકોણ પ્રમાણે ઉચ્ચ અધિકારી દ્વારા કર્મચારીઓની વાર્ષિક ખાનગી નોંધ(કોન્ફિડેન્શિયલ રોલ C.R.) કર્તા હોય છે. કર્મચારીઓની કામગીરી માટે જુદા-જુદા દેશોમાં જુદી-જુદી પદ્ધતિ વિકસાવવામાં આવી છે.
- **નાણાકીય વહીવટ** : નાણાકિય વહીવટ નાં બે પાસાં હોય છે. માળખું અને પ્રક્રિયા. નાણાકિય વહીવટનાં માળખામાં નાળાખાતું, હિસાબ તથા ઓડિટનો સમાવેશ થાય. જ્યારે નાણાકિય વહીવટની પ્રક્રિયામાં અંદાજપત્ર ઘડતર અને અમલનો સમાવેશ થાય.
- **અંદાજપત્ર :** રાજ્યની નાણાકિય વ્યવસ્થાને ચોક્કસ સ્વરૂપ આપનાર અંદાજપત્ર માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ 'બજેટ', ફ્રેંચ ભાષાનાં 'બૉઝેટ' પરથી ઉપરી આવ્યો છે. બૉઝેટ નો અર્થ 'ચામડાની થેલી' થાય. ૧૭૩૩ માં બ્રિટિશ વડાપ્રધાન રોબર્ટ વૉલપોલ ચામડાની થેલીમાં આવક-જાવકનો અંદાજ આમ સભા સમક્ષ લાવેલા. ત્યારે કોઇએ પેલી થેલીને ધ્યાનમાં લઇને વ્યંગમાં 'નાણાપ્રધાને પોતાનું બૉઝેટ ખોલ્યું' તેમ કહ્યુ. તે સમયથી અંદાજપત્ર માટે 'બજેટ' શબ્દ વપરાવા લાગ્યો. ભારતમાં બજેટને 'વાર્ષિક નાણાકિય નિવેદન' કહે છે. અંદાજપત્ર એવી નાણાકીય યોજના છે કે જેમાં ગતવર્ષનાં નાણાકિય અનુભવનું ટૂંકમાં વર્ણન હોય છે. તથા આગામી વર્ષની યોજના આપવામાં આવી હોય છે. નાણાખાતું નીચેના ખાતાઓમાંથી મેળવેલ તમામ અંદાજોની કરકસરમાં દષ્ટિકોણથી ચકાસણી કરી ડિસેમ્બર માસમાં અંદાજપત્ર તૈયાર કરે છે. જાન્યુઆરી માસમાં કેબિનેટની સંમતી મેળવીને ફેબ્રુઆરી મહિનાનાં છેલ્લા દિવસે સવારે ૧૧.૦૦ કલાકે રજૂ થાય છે. આ સમયે નાણાપ્રધાન પોતાનાં પ્રવચનમાં ચાલુ અને આગામી નાણાકીય વર્ષનું ચિત્ર રજું કરે છે. સંસદમાં અંદાજપત્ર રજૂ થયા પછી એકાદ અઠવાડિયા પછી સ્પીકરે નક્કી કરેલી તારીખે અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા થાય છે. અહીં પૂછાતા પ્રશ્નોના ઉત્તર નાણાપ્રધાન આપે છે. ત્યારબાદ મતદાન થાય છે. આ સમયે વિરોધપક્ષ અંદાજપત્રમાં માંગેલી રકમમાં કાપ મુકતી દરખાસ્ત મુકે શકે છે. ઓ આવી દરખાસ્ત પસાર થઇ જાય તો સરકારે રાજીનામું આપવું પડે.
  → લોકસભામાં ખાતાકીય માંગણીઓ મંજુર થયા પછી સ્પીકરનાં પ્રમાણપત્ર સાથે રાજ્યસભામાં

મોકલાય છે. રાજ્યસભા આ ખરડા ઉપર ચર્ચા કરી શકે છે. પણ તેને રોકી શકતી નથી. આ ખરડા અંગે જરૂર જણાય તો ભલામણો સાથે તે ૧૪ દિવસમાં લોકસભાને પરત મોકલે છે. પરંતુ લોકસભા તે ભલામણો સ્વીકારવા બંધાયેલી નથી. બંને ગૃહમાંથી ખરડો પસાર થયેલ રાષ્ટ્રપતિની સહી માટે મોકલાય છે. તેમની સહી થતાં આ ખરડો 'નાણાવિનિયોગ કાયદાનું' સ્વરૂપ ધારણ કરે છે. આ કાયદાથી સરકારને સંચિતનીધી માંથી રકમ ઉપાડવાની મંજૂરી મળે છે.

- **ભારતમાં જાહેર હિસાબ :** ભારતમાં જાહેર વહીવટનાં હિસાબ માટે હિસાબ પરિક્ષણ વિભાગ નામનાં ખાતાની રચના થયેલી છે. આ ખાતાનાં વડાને 'કેગ(CAG)' તરીકે ઓળખવામાં આવે છે.તેમને મદદ કરવા ભારત સંઘના દરેક રાજ્યમાં મુખ્ય હિસાબ અધિકારી(Account General)0 હોય છે.
- **હિસાબ તપાસણી(ઑડિટ) :**-ભારતમાં આધુનિક સ્વરૂપનાં હિસાબ તપાસ વિભાગની રચના ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનમાં ઇ.સ.૧૭૫૩ માં થઇ હતી. ૧૯૧૯ નાં મોન્ટેગ્યું ચેમ્સફર્ડ સુધારા સાથે આ વિભાગને સ્વતંત્ર સ્થાન મળ્યું. ૧૯૩૫ ના અધિનિયમથી તેનું ક્ષેત્ર વિસ્તારવામાં આવ્યું. ૧૯૫૦ માં એકાઉન્ટંટનાં હોદ્દાને બંધારણમાં સ્થાન આપીને તેમનાં હોદ્દાને 'કંપ્ટ્રોલર ઍન્ડ ઑડિટર જનરલ' તરીકે ઓળખવાનું શરૂ થયુ.
- **વહીવટી પંચ(ટ્રિબ્યુનલ) :** ભારતમાં કેન્દ્ર સ્તરનાં ત્રણ મુખ્ય વહીવટી પંચો છે.
  1) આવકવેરા પૂનઃ વિચારણા પંચ
  2) રેલવે વહીવટી પંચ
  3) કેન્દ્રીય વહીવટી પંચ
- **લોકપાલ અને લોકાયુક્ત :-** ૧૯૬૩ માં 'કેન્દ્રીય અન્વેષણ બ્યૂરો' અને ૧૯૬૪ માં "કેન્દ્રીય સતર્કતા" પંચ નો જન્મ થયો. ત્યારબાદ લોકાયુક્તની નિમણુંક કરવાનું માન સૌપ્રથમ ૧૯૭૩ માં રાજસ્થાને મેળવ્યું. ત્યારબાદ અન્ય રાજ્યો જોડાયા. લોકાયુક્તની નિમણૂક રાજ્યનાં રાજ્યપાલ, વડી અદાલતનાં મુખ્ય ન્યાયાધીશ અને વિરોધપક્ષનાં નેતા સાથે ચર્ચા–વિચારણા કરીને મુખ્યપ્રધાનની સલાહથી કરે છે.

**સુ–શાસન માટેનાં વિશ્વબેંકના સુચનો :**

- સૌપ્રથમ ૧૯૮૯ માં વિશ્વબેંકે પોતાના અહેવાલમાં જણાવ્યુ કે જાહેર ક્ષેત્રનું માત્ર વહીવટી નહી પરંતુ, સંચાલન, ઉત્તરદાયિત્વ, વિકાસ માટે કાનુની માળખું અને જાણકારી માટે ખુલ્લાપણું એ આવશ્યક બાબત છે.
- વિશ્વબેંકે સુ–શાસન માટે થોડી સુચનાઓ આપેલી છે.
- સંગઠન રચવાની સ્વતંત્રતા અને વિવિધ ધાર્મિક, સામાજીક, આર્થિક, સાંસ્કૃતિક અને ધંધાકીય સમુહો દ્વારા શાસનમાં સક્રિય ભાગીદારી.
- કાયદાના શાસનના આધારે કાનુની માળખું સ્થાપવું અને માનવ હકોનાં રક્ષણ માટે ન્યાયતંત્રનું સ્વતંત્ર હોવું.
- સામાજીક ન્યાય જાળવવો તથા શોષણ વિરૂદ્ધ સત્તાનો દુરૂપયોગ વિરૂદ્ધ સુરક્ષા આપવી.
- સરકાર અને નાગરિક સમાજ વચ્ચે સહકાર જળવવો.
- **ભારતીય કંપની ધારાની કલમ : 617.**

  સરકારી કંપનીનો આશય એવી કંપનીઓ છે કે જેમાં ઓછામાં ઓછી મુડીનો 51% ભાગ સરકાર પાસે હોય. Ex: સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા, કોલ ઈન્ડિયા, ભારત હેવી ઈલેક્ટ્રિક લિ.

- **પદક્રમ વર્ગીકરણ :**
  પદક્રમ વર્ગીકરણ એ વ્યક્તિગત પદસ્થિતીનું વર્ગીકરણ છે. આ પ્રણાલીમાં વર્ગીકરણ વર્ગનું નહિ પરંતુ કર્મચારીઓનું હોય છે. દરેક કર્મચારીને એક નિશ્ચિત વર્ગમાં રાખવામાં આવે છે. ભારતમાં રેંક સનદી સેવાના નિયમો ૧૯૩૦ પર આધારીત છે.
  → દરેક કર્મચારીના પગાર ધોરણ નીચે જણાવેલ સિદ્ધાંતોને અનુસરીને તૈયાર કરવામાં આવે છે.
  1) દેશની આર્થિક સ્થિતિ, 2) જીવનનિર્વાહ ખર્ચ અને ભાવ સપાટી, 3)સમાન કાર્ય માટે સમાન વેતન, 4) પ્રવર્તતો બજાર દર, 5) સરકારની નીતિ.
- વેતન વહીવટી બાબતો તપાસવા માટે અત્યાર સુધીમાં સાત(7) પગારપંચની નિમણૂક થઇ છે.

| પગાર પંચ | વર્ષ | અધ્યક્ષ |
|---|---|---|
| **પ્રથમ પગાર પંચ** | 1946-47 | શ્રીનિવાસ વર્દાચાર્યર |
| **બીજું પગાર પંચ** | 1957-59 | જગન્નાથ દાસ |
| **ત્રીજું પગાર પંચ** | 1970-73 | રઘુવીર દયાલ |
| **ચોથું પગાર પંચ** | 1983-86 | P. N. સિંઘલ |
| **પાંચમુ પગાર પંચ** | 1994-97 | રત્નાવેલ પાંડિયન |
| **છઠ્ઠું પગાર પંચ** | 2006-08 | બી.એન.કૃષ્નન |
| **સાતમું પગાર પંચ** | 2016 | અશોકકુમાર માથુર |

- **કર્મચારીને આપવામાં આવતા નીયત કરેલા પગાર ઊપરાંતનાં ભથ્થા :**
  → મોંઘવારી ભથ્થું – D.A(Dearness Allowance)
  → મકાન ભાડા ભથ્થું – H.R.A.
  → શહેરી ભથ્થું – City Allowance.
  → પ્રવાસ ભથ્થું – T.A.(Travelling Allowance)( જે કાયમી પ્રવાસ કરતા હોય તેને PTA મળે)
  → દૈનિક ભથ્થું – D.A.(Daily Allowance)
  → પ્રવાસ રાહત રજ – L.T.C.(Leave Travel Consession)

→ મેડિકલ ભથ્થું.
→ વાહન ભથ્થું – Conveyance allowance.
→ ગણવેશ ભથ્થું – Uniform Allowance.
→ બાળકોનાં શિક્ષણ સંબંધી ભથ્થું – Children Education allowance

- **પેંશનનાં પ્રકારો :**
  → સુપર એન્યુએશન : વૃધ્ધાવસ્થા ના કારણે
  → નિવૃતી પેંશન
  → વળતર યોગ્ય પેંશન
  → રહેમિયત પેંશન
  → અયોગ્ય પેંશન
  → ક્ષતિ પેંશન
  → કુટુંબ પેંશન
- **સામાન્ય સહાયકારક નિધીઓ :**
  1) ભવિષ્ય નીધિ : જનરલ કોન્ટ્રિબ્યુટરી પ્રોવિડન્ટ ફંડ

ભવિષ્ય નીધિ કર્મચારીને નિવૃતી વખતે એકી સાથે આપવામાં આવે છે.

2)ગ્રેજ્યુટી :

કર્મચારીને નિવૃતી વખતે એકી સાથે આપવામાં આવે છે.

3) રજાનું રોકડમાં રૂપાંતર :

સેવા નિવૃત કર્મચારી પોતાની જમા હક રજા ૩૦૦ હાલમાં નું સુધીનું રોકડમાં રૂપાંતર થાય છે.

4) વિમાનો લાભ :

કેન્દ્ર સરકારની કર્મચારી સામુહિક વિમા યોજના – ૧૯૮૦ મુજબ સેવા દરમ્યાન કર્મચારીનું મૃત્યુ થાય તો વિમા સુરક્ષા આપવામાં આવે છે.

- **શિક્ષાઓ**

- હળવી શિક્ષા
  1) ઠપકો આપવો
  2) પગાર વધારો અટકાવવો
  3)બઢતી અટકાવવી
  4) આર્થિક નુકસાન વસુલ કરવું
- મોટી શિક્ષઓ
  1) ઉતરતા સ્કેલમાં અપકર્ષ
  2) ફરજીયાત નિવૃતિ
  3) નોકરીમાંથી દૂર કરવો(પદભ્રષ્ટ)
  4) કાયમ માટે છુટો કરવો(Dismiss)

## ભારતમાં વહીવટી સુધારાઓ

તેને ત્રણ ભાગમાં વહેંચી શકાય :

1. **૧૮૫૩ – ૧૯૫૪ :** ભારતમાં ડેલહાઉસીનાં સમયથી નાગરિક સેવામાં ખુલ્લી સ્પર્ધાત્મક પરીક્ષાનો આરંભ થયો. ત્યારબાદ વહિવટી સુધારા માટે ઘણા બધાં પંચોની માહિતી નીચે મુજબ છે.

   → એચીસન પંચ : ૧૮૮૬ – ૮૭
   → મેટફર્ડ અહેવાલ : ૧૯૧૮
   → લી–પંચ : ૧૯૨૩–૨૪
   → વિલર સમીતી : ૧૯૩૬
   → સચિવાલય પુર્નગઠન સમિતિ : ૧૯૪૭ :– અધ્યક્ષ– ગિરીજશંકર બાજપેયી
   → કરકસર સમિતિ : ૧૯૪૮ :– અધ્યક્ષ :– કસ્તુરભાઈ લાલભાઈ
   → સરકારી તંત્રની કાર્યકુશળતામાં વધારાનું બાબતનું પંચ – ૧૯૫૨ :– અધ્યક્ષ :–R.A. ગોપાલસ્વામી

2. **૧૯૫૪ – ૧૯૬૪ :** વિશિષ્ટ પુનઃગઠન એકમ : ૧૯૫૨ તેમાં કર્મચારીઓની જરૂરિયાતની સમિક્ષા કરવાની તથા કાર્યકુશળતા લાવવાની ભલામણ કરવાની હતી.

   → "સંતનામ સમિતિ" – ૧૯૬૨ –૬૪ :- ભ્રષ્ટાચાર નિવારણ માટેની આ સમિતિએ કેન્દ્રીય તકેદારી પંચની સ્થાપનાની ભલામણ કરી.

3. **૧૯૬૪ – ૧૯૭૩ :** વહીવટી સુધારણા પંચ :

   → ૫ જાન્યુઆરી, ૧૯૬૬ માં મોરારજી દેસાઈની અધ્યક્ષતામાં સ્થાપાયેલા આ પંચે જુદા–જુદા ૨૦ અહેવાલો આપ્યા અને કુલ ૫૭૮ ભલામણો કરી.

   **→ તેની મુખ્ય જોગવાઈઓ નીચેની બાબતની છે.**

   * ભારત સરકારની તંત્ર વ્યવસ્થા અને તેની કાર્ય પદ્ધતિઓ
   * તમામ કક્ષાએ આયોજન માટેની તંત્ર
   * કેન્દ્ર–રાજ્ય સંબંધો

* નાણાકીય વહીવટી તંત્ર
* કાર્મિક વહીવટી તંત્ર.
* આર્થિક વહીવટી તંત્ર.
* રાજ્યકક્ષાનું વહીવટી તંત્ર.
* જિલ્લાકક્ષાનું વહીવટી તંત્ર.
* નાગરિકોની ફરિયાદ નિવારણની સમસ્યાઓ
* લોકપાલની ભલામણ
* લોકાયુક્તની ભલામણ

**4. ૧૯૭૩ પછી અત્યાર સુધી :**

→ દ્વિતીય વહીવટી સુધારણા પંચ : અધ્યક્ષ:- વિરપ્પા મોયલી.

## જાહેર વહીવટ વનલાઈનર પ્રશ્નો

| | | |
|---|---|---|
| 1 | 'જાહેર વહીવટએ જાહેર કાયદાનો સંપૂર્ણ અને પદ્ધતિસરનો અમલ છે' – આ વ્યાખ્યા કોણે આપી? | **વુડો વિલ્સન** |
| 2 | નિગ્રો એન્ડ નિગ્રોએ જાહેર વહીવટના કેટલાં અગત્યનાં લક્ષણો બતાવ્યા છે? | **૫** |
| 3 | 'વહીવટી પ્રક્રિયા સાર્વત્રિક છે'– આ વિધાન કોનું છે? | **હેનરી ફેયોલ** |
| 4 | 'વહીવટ એ સરકારનો આધાર છે. કોઇ સરકાર વહીવટ વગર રહી શકે નહી' આ વાક્ય કોનું છે? | **પોલ એપલ્બી** |
| 5 | 'ધ ડાયનામિક્સ ઓફ પબ્લીક એડમિનિસ્ટ્રેશન' પુસ્તક કોણે લખ્યું છે? | **જેરાલ્ડ કેડેન** |
| 6 | 'ધ સ્ટડી ઓફ એડમિનિસ્ટ્રેશન' નિબંધ ૧૮૮૭ માં કોણે પ્રકાશિત કર્યો? | **વુડરો વિલ્સન** |
| 7 | 'પોલિટિક્સ ઓફ એડમિનિસ્ટ્રેશન' દ્વારા ૧૯૦૦ માં કોનું પુસ્તક પ્રકાશિત થયું? | **ફ્રેંક જે ગુડનાઉ** |
| 8 | ૧૯૪૮ માં 'ધી એડમિનિસ્ટ્રેટિવ સ્ટેટ' પુસ્તક કોણે લખ્યું છે? | **ડી.વાલ્ડો** |
| 9 | ભારતમાં ૧૯૩૦ માં રાજનીતિ વિજ્ઞાનના અભ્યાસક્રમમા 'જાહેર વહીવટ' નું એક અનિવાર્ય પેપર જોડનાર પ્રથમ વિશ્વવિદ્યાલય ક્યું? | **લખનઉ** |
| 10 | ભારતમાં ૧૯૩૭ માં 'વિશ્વ જાહેર વહીવટ' ઉપર એક ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવાવાળી પ્રથમ વિશ્વવિદ્યાલય કઇ? | **મદ્રાસ** |
| 11 | ભારતમાં 'જાહેર વહીવટ' નાં પ્રથમ પ્રોફેસર? | **ડૉ. એમ. પી. શર્મા** |
| 12 | ૧૯૫૪ માં જાહેર વહીવટ ઉપર પોલ એપલ્બી અહેવાલ(૧૯૫૩) ની ભલામણથી Indian Institute of Public administration IIPA ની સ્થાપના ક્યાં કરવામાં આવી? | **નવી દિલ્હી** |
| 13 | ૧૯૬૦ ના દાયકામાં યોજાયેલ મિન્નોવબ્રુક સંમેલનમાં શેનો જન્મ થયો હોવાનું મનાય છે? | **નવો જાહેર વહીવટ** |
| 14 | એક વિદ્યાશાખા તરીકે જાહેર વહીવટની કાર્યક્ષેત્રની મુંઝવણને કોણે LOCUS અને FOCUS તરીકે રજુ કરી? | **રોબર્ટ ગોલેમ્બીવસ્કી** |

| | | |
|---|---|---|
| 15 | New Public Administration પુસ્તક કોણે લખેલ છે? | **જ્યોર્જ ફ્રેડરિક્સન** |
| 16 | 'લોક પસંદગી અભિગમ' વિચારધાર ના પ્રખર સમર્થક? | **વિન્સેન્ટ ઓસ્ટ્રોમ** |
| 17 | વિશ્વબેંકે 'સુશાસન' અને 'વિકાસ' નામનો અહેવાલ ક્યારે બહાર પાડ્યો? | **૧૯૯૩** |
| 18 | 'કાર્યલક્ષી કાર્યદક્ષતા' ની પદ્ધતિ કોણે આપી? | **એફ.ડબલ્યુ ટેલર** |
| 19 | વહીવટનાં કાર્ય અંગેનું POCCC સુત્ર કોણે આપ્યું? | **હેનરી ફેયોલ** |
| 20 | સંગઠનમાં કામની વહેંચણી અંગે 4P-ફોર્મુલા કોણે આપી? | **લ્યુથર ગુલિક** |
| 21 | નોકરશાહી/અમલદારશાહી શબ્દ સૌપ્રથમ કોણે આપ્યો? | **વિંસેન્ટ ગાર્ની** |
| 22 | અમલદારશાહીનો વ્યવસ્થિત અભ્યાસ ક્યા જર્મન સમાજશાસ્ત્રીએ કર્યો? | **મેક્સ વેબર** |
| 23 | ચોક્કસ કાર્ય પુરું કરવાના ઉદ્દેશથી ઉપરી અધિકારીએ હાથ નીચેના માણસને સોંપેલી સતા એટલે ? | **સત્તા સોંપણી (delegation)** |
| 24 | જે નિર્ણયો નવા, વિલક્ષણ છે તેના માટે કોઇ તૈયાર પદ્ધતિ ઉપલબ્ધ નથી હોતી, આવા નિર્ણયો એટલે ? | **બિનકાર્યક્રમિત નિર્ણયો** |
| 25 | બીજાઓને અનુકરણ કરવા માટે પ્રભાવિત કરવાની ક્ષમતા એટલે ? | **નેતાગીરી** |
| 26 | નેતાગીરીની કઇ સૈલીમાં નીતિ અને નિર્ણયની સત્તા કેન્દ્રિત નેતા પાસે હોય છે? | **સરમુખત્યારશાહી** |
| 27 | લોકશાહી નેતાગીરી અન્ય ક્યાં નામે ઓળખાય છે? | **ભાગીદારીયુક્ત શૈલી** |
| 28 | ક્યા સિદ્ધાંતને 'મહાન માણસનાં સિદ્ધાંત' તરીકે પણ ઓળખવામાં આવે છે?(નેતાગીરીનો એવો સિદ્ધાંત જેના અનુસાર નેતા જન્મથી સર્જાયેલ કેટલા લક્ષણો–ગુણો ધરાવે છે જે તેમને નેતા બનાવે છે.) | **લાક્ષણિકતાનો સિદ્ધાંત** |
| 29 | બે કે તેથી વધુ વ્યક્તિઓ વચ્ચે સમજણની આપ–લે અમલમાં મૂકવાની પ્રક્રિયા એટલે? | **માહિતીસંસાર** |
| 30 | કોઇ વિશિષ્ટ સમયમાં વ્યકિત અથવા સમુહ દ્વારા પ્રદર્શિત આત્મવિશ્વાસ, ઉત્સાહ તથા દઢતા વગેરેની માત્રા એટલે? | **મનોબળ** |
| 31 | સંસદીય મુખ્ય વહીવટમાં વડાપ્રધાન અને પ્રધાનમંડળ કોને જવાબદાર છે? | **સંસદ** |
| 32 | જે કારોબારી સંસદીય અને પ્રમુખશાહી પદ્ધતિના કેટલાક મૂળભૂત સિદ્ધાંતોનું મિશ્રણ ધરાવે છે. આ પ્રકારની કારોબારીને શું કહે છે? | **સંસ્થાકીય કારોબારી** |
| 33 | ઉચ્ચ પદવી ધરાવતા અધિકારીઓ તરફથી નીચલી પાયરી તરફ આદેશોનો પ્રવાહ એટલે? | **રૈખિક સહાયકો** |
| 34 | ભારતીય કંપની ધારાની કઇ કલમ હેઠળ સરકારી કંપનીની વ્યાખ્યા આપેલ છે? | **૬૧૭** |
| 35 | સરકારી કંપની નું સર્જન કઇ રીતે થાય છે? | **કારોબારીના ઠરાવથી** |
| 36 | એવા કર્યાલયો કે જેને કોઇ વહીવટી કાર્ય કરતાં પહેલાં મુખ્યમથકની મંજૂરી લેવી પડે છે અને મુખ્ય મથકના નિયંત્રણ અને નિર્દેશન હેઠળ હોય છે. તેને શું કહે છે? | **ક્ષેત્રીય એજન્સી** |
| 37 | એક પદ્ધતિ જેમાં મુખ્ય કાર્યાલય અને ક્ષેત્રીય કાર્યાલય વચ્ચે મદયસ્થ | **એકમ પદ્ધતિ** |

| | | |
|---|---|---|
| | કેન્દ્ર અથવા પ્રાદેશિક કર્યાલય હોય, બન્ને વચ્ચે પ્રત્યક્ષ માહિતી સંચાર થતો ન હોય પરંતુ મધ્યસ્થ કેન્દ્ર દ્વારા થતો હોય? | |
| 38 | મુખ્ય કાર્યાલયથી આદેશ સીધા ક્ષેત્રીય કાર્યાલય સુધી પ્રસરે છે. વચ્ચે કોઈ મધ્યસ્થ કાર્યાલય હોતા નથી. આ પેટર્ન કઈ? | **બધી આંગળીઓ** |
| 39 | મુખ્ય કાર્યાલય તથા પ્રાદેશિક કાર્યાલય પાસે પાસે એક જ ભવનમાં હોય છે અને ક્ષેત્રીય એજન્સીઓ કેન્દ્રીય કાર્યાલયથી દૂર હોય છે – આ પેટર્ન કઈ? | **ટૂંકા હાથ અને લાંબી આંગળીઓ** |
| 40 | પ્રાદેશિક કાર્યાલય, મુખ્ય કાર્યાલયથી ઘણું જ દૂર આવેલું હોય છે અને પ્રાદેશિક કાર્યાલય અને ક્ષેત્રીય કાર્યાલય વચ્ચેનું અંતર ખુબ જ ઓછું હોય છે. આ પેટર્નને શું કહે છે? | **લાંબા હાથ અને ટૂંકી આંગળીઓ** |
| 41 | કઈ નોકરશાહીમાં લોકસેવકોની પસંદગી ખુલ્લી પ્રતિયોગીતા અને મેરિટના આધારે કરવામાં આવે છે? | **યોગ્યતા અમલદારશાહી** |
| 42 | ભારતામાં પાંચમાં પગારપંચે દેશમાં હાલની પ્રવર્તમાન સમુહ પદ્ધતિ(rank class) ને બદલે ક્યું વર્ગીકરણ અપનાવવાની ભલામણ કરી? | **કાર્યાત્મક વર્ગીકરણ** |
| 43 | હોદો ભરવા માટે યોગ્ય અને પાત્રતા ધરાવતાં ઉમેદવારોને આકર્ષવા એટલે? | **ભરતી પ્રક્રિયા** |
| 44 | ભરતી પ્રક્રિયાનો ખરો ક્રમ | **જાહેરાત, પરીક્ષા, પસંદગી, નિમણૂક** |
| 45 | ભારતમાં ભરતી પ્રથા ક્યાં દેશનાં મોડેલ પર આધારીત છે? | **બ્રિટન** |
| 46 | તાલીમની એક ટેકનીક જેમાં ચાર–પાંચના ગ્રુપ બનાવી ઇનડેપ્થ સ્ટડી કરવામાં આવે છે. આ ટેકનિક કઈ? | **સિન્ડીકેટ ટેકનીક** |
| 47 | કઈ તાલીમની ટેકનિક ને ટી–ગ્રુપ તાલીમ કહેવામાં આવે છે? | **સેન્સીટીવીટી ટ્રઈનિંગ** |
| 48 | ભારતમાં તાલીમ માટેની સંસ્થા લાલબહાદૂર શાસ્ત્રી રાષ્ટ્રીય એકેડમી ઈ.સ.૧૯૫૯ માં ક્યાં સ્થાપવામાં આવી? | **મસૂરી** |
| 49 | રાષ્ટ્રીય પોલિસ એકેડમી(સરદાર પટેલ) ક્યાં આવેલી છે? | **હૈદરાબાદ** |
| 50 | ૧૯૫૮ માં ભારતીય ગ્રામીણ વિકાસ સંસ્થાની સ્થાપના કયાં કરવામાં આવી? | **હૈદરાબાદ** |
| 51 | ભારતમાં કઈ તાલીમ સંસ્થાની સ્થાપના અને વિકાસ બ્રિટનની તાલીમ સંસ્થાને ધ્યાને લઇ થયેલ છે? | **ભારતીય વહીવટી સ્ટાફ કોલેજ, હૈદરાબાદ** |
| 52 | કોઈ ચોક્કસ સંગઠનમાં વ્યક્તિ દ્વારા કરવામાં આવતાં કાર્યો અને હોદ્દાની પરંપરા એટલે? | **કારકિર્દી વિકાસ** |
| 53 | કારકિર્દી વિકાસનો યોગ્ય ક્રમવાર | **ઘડતર, વિકાસ, પરિપક્વ, ઘટતો/પડતી** |
| 54 | જે પ્રામાણિકતાથી કામ કરે છે તેને બદલો આપવાનો અને બિનકાર્યક્ષમ અને અક્ષમને બાકાત કરવાનો ઉદ્દેશ્ય એટલે? | **કામગીરી મૂલ્યાંકન** |
| 55 | PROBST/ગ્રાફીક પદ્ધતિ શેનાં માપનમાં વપરાય છે? | **કાર્યક્ષમતા મૂલ્યાંકન** |
| 56 | પરોક્ષ પ્રકારની ભરતી એટલે? | **બઢતી** |

| | | |
|---|---|---|
| 57 | બઢતી આપતી વખતે સેવામાં અમુક વર્ષ ઓછામાં ઓછા નક્કી કરવામાં આવે છે અને ત્યારબાદ સૌથી વધારે લાયક ઉમેદવારને પસંદગી કરવામાં આવે છે. બઢતીનો આ સિદ્ધાંત ક્યો? | **વરીયતા અને ગુણવત્તાનો સિદ્ધાંત** |
| 58 | ભારતમાં બઢતીનો વરીયતાનો સિદ્ધાંત સર્વપ્રથમ ઇસ્ટ ઇન્ડિયા કંપની દ્વારા ક્યારે વિકસાવવામાં આવ્યો? | **૧૬૬૯** |
| 59 | ભારતમાં બઢતીનો યોગ્યતા(ગુણવતા) ના સિદ્ધાંતને ક્યારે અને ક્યા કાયદાથી મંજુરી આપવામાં આવી? | **ભારતીય સિવિલ સેવા – ૧૮૬૧** |
| 60 | કર્મચારી જ્યાં નોકરી કરતો હોય તે વડા મથકથી ફરજ કામ અંગે બહાર જાય ત્યારે પોતાનો નિર્વાહ કરવા માટે તે જે સર્વ સામાન્ય ખર્ચ કરે છે તેને પહોંચી વળવા માટે આપવામાં આવતાં ભથ્થાને શું કહેવાય છે? | **દૈનિક ભથ્થુ** |
| 61 | સરકારી નોકરીમાં કર્મચારીને ગાંડપણ/માનસિક બિમારી કે કાયમી અક્ષમતાને કારણે નોકરીમાંથી દૂર કરી જે પેંશન આપવામાં આવે છે તેને શું કહે છે? | **અયોગ્યતા પેંશન** |
| 62 | બંધારણ ના ક્યા અનુચ્છેદ હેઠળ સનદી સેવક જે તે રાજ્યમાં રાજ્યપાલ અને કેન્દ્રમાં રાષ્ટ્રપતિની મંજૂરી હોય ત્યાં સુધી હોદ્દો ધારણ કરી શકે તેવી જોગવાય છે? | **અનુ. ૩૧૦** |
| 63 | માલિક–કર્મચારીના સંબંધોમાં સુલેહ લાવવા બીજા પગારપંચની ભલામણને આધારે ૧૯૬૬ થી શેની સ્થાપના કરવામાં આવી? | **સંયુક્ત સલાહકારી તંત્ર** |
| 64 | કોઇપણ લાભની અપેક્ષાએ સરકારી કર્મચારી પગલું ભરે કે પગલું ભરવાની બેદરકારી રાખે તે ભ્રષ્ટાચાર છે – આવું કઇ સમિતિ એ કહ્યુ? | **સંથનામ સમિતિ** |
| 65 | ભારતમાં ભ્રષ્ટાચાર નિવારણને લગતો કાયદો ક્યારે ઘડવામાં આવ્યો? | **૧૯૪૭** |
| 66 | ભ્રષ્ટાચાર નિવારણ કાયદા, ૧૯૪૭ માં સુધારો કરી નવો કાયદો ક્યા વર્ષે ઘડવામાં આવ્યો? | **૧૯૮૮** |
| 67 | કેન્દ્રીય તપાસ પંચની સ્થાપના કઇ સમિતિને ભલામણને આધારે કરવામાં આવી? | **સંથનામ સમિતિ** |
| 68 | કેન્દ્રીય તકેદારી પંચ(CVC) ની સ્થાપના ક્યારે કરવામાં આવી? | **૧૯૬૪** |
| 69 | કેન્દ્રીય તપાસ પંચ(CBI) ની સ્થાપના ભારતમાં કઇ રીતે થઇ? | **કેબિનેટ ઠરાવથી(૧૯૬૩)** |
| 70 | કઇ સમિતિએ વિશેષજ્ઞ (Specialist) પર ભાર મુકવાને બદલે સામન્યજ્ઞને મહત્વ આપ્યું? | **મેકોલે સમિતિ** |
| 71 | લોકસેવાનું બિનરાજકીય રૂપ એટલે? | **તટસ્થતા** |
| 72 | IAS તાલીમ સંસ્થા મસૂરી પહેલા ક્યાં હતી? | **નવી દિલ્હી** |
| 73 | કેન્દ્રીય તકેદારી પંચે ભ્રષ્ટાચાર તરીકે ઓળખાતી કેટલી રીત આપેલી છે? | **૨૭** |
| 74 | 'બજેટ એ વહીવટનું અભિન્ન અને અનિવાર્ય ઓજાર છે' આ વિધાન કોણે કહ્યું હતું? | **વિલોબી** |
| 75 | ભારતમાં રેલવે બજેટને સામન્ય બજેટથી ક્યારે અલગ કરવામાં આવ્યું હતું? | **૧૯૨૧** |

| | | |
|---|---|---|
| 76 | ભારતમાં રેલવે બજેટને સામન્ય બજેટથી ક્યારે અલગ કઈ સમિતિની ભલામણને આધારે કરવામાં આવ્યું હતુ? | **એકવર્થ સમિતિ** |
| 77 | ભારતમાં અંદાજપત્રીય હેતુ માટે નાણાંકિય વર્ષનો સમયગાળો ક્યો લેવામાં આવે છે? | **૧ લી એપ્રિલ થી ૩૧ માર્ચ** |
| 78 | અંદાજપત્ર માટેની અંદાજીત ખર્ચ માહિતીને ક્યા ભાગમાં વહેંચવામાં આવે છે? | **ચાલુ ખર્ચાઓ, ચાલુ યોજનાઓ, નવી યોજનાઓ** |
| 79 | કોઈપણ ખાતાના નવા વધારાના ખર્ચની કોઈપણ દરખાસ્ત તેણે બજેટમાં સમાવવી હોય તો તેણે આ પહેલાં ક્યા વિભાગની મંજુરી લેવી પડે? | **નાણાં વિભાગ** |
| 80 | કોઈ નવી બાબત અંદાજપત્રમાં સમાવવા બાબતે કોઈ એક વિભાગ અને નાણાં વિભાગ વચ્ચે મતભેદ થાય ત્યારે અંતિમ નિર્ણય કોનો માન્ય રહેશે? | **કેબિનેટ** |
| 81 | ક્યા અનુચ્છેદ મુજબ રાષ્ટ્રપતિની ભલામણ સિવાય ગ્રાંટ માટેની માગણી મુકી શકાય નહી? | **૧૧૩** |
| 82 | બંધારણના ક્યા અનુચ્છેદ મુજબ કાયદાકીય સતા વેના ન તો કોઈ કર લગાવી શકાય ન તો એકઠો કરી શકાય? | **૨૬૫** |
| 83 | અનુદાન(ગ્રાંટ) ની માંગણી પર મતદાન ક્યાં થાય છે? | **લોકસભા** |
| 84 | સંસદમાં બજેટ રજુ કર્યા બાદના તબક્કાનો યોગ્ય ક્રમ ક્યો છે? | **બજેટ રજુઆત, સામાન્ય ચર્ચા, ગ્રાંટ માટે મતદાન, ફાળવણી બિલ,નાણાંબિલ** |
| 85 | સામાન્ય બજેટમાં સામાન્ય રીતે કેટલી માંગણીઓ હોય છે? | **૧૦૯** |
| 86 | રેલવે બજેટમાં સામાન્ય રીતે કેટલી માંગણીઓ હોય છે? | **૩૨** |
| 87 | બજેટ માંગણી માટે મતદાન અંગે કેટલાં દિવસ ફળવવામાં આવે છે? | **૨૬** |
| 88 | કાપકુપ ઠરાવ ક્યારે પસાર કરવામાં આવે છે? | **ગ્રાંટની માંગણી માટે મતદાન સમયે** |
| 89 | કેટલા પ્રકારના કાપકુપ ઠરાવ હોય છે? | **ત્રણ(અસામાન્યનીતિ, આર્થિક, ટોકન)** |
| 90 | ટોકન કાપકુપમાં ખર્ચની રકમમાં કેટલો ઘટાડો કરવાની દરખાસ્ત કરવામાં આવે છે? | **૧ થી ૧૦૦ રૂ સુધી** |
| 91 | માંગ માટે મતદાન અંતિમ દિવસે બાકી રહેલ તમામ માંગણીઓ અધ્યક્ષ દ્વારા મતદાન માટે એકી સાથે પ્રસ્તુત કરવામાં આવે છે તેને શું કહે છે? | **ગિલોટીન** |
| 92 | ભારતમાં એકત્રિત ભંડોળમાંથી નાણાં ઉપાડવાં ક્યું બિલ પસાર કરવું પડે છે? | **ફાળવણી બિલ (Appropriation Bill)** |
| 93 | સરકારની કરવેરા નાખવાની દરખાસ્ત જે ખરડામાં ભેગી કરવામાં આવે છે તે બિલને શું કહે છે? | **ફાઈનાન્સ** |

| | | |
|---|---|---|
| 95 | બજેટના અમલની સંપૂર્ણ જવાબદારી કોની હોય છે? | **નાણાં વિભાગ** |
| 96 | લોકસભાએ કારોબારીને આપેલો Blank Cheque કોને કહે છે? | **શાખ મત** |
| 97 | શૂન્ય આધારિત બજેટનો વિકાસ કોણે કર્યો? | **પીટર. એ પૈહર** |
| 98 | અમેરિકામાં શૂન્ય આધારિત બજેટનો અમલ ક્યાં રાષ્ટ્રપતિએ કર્યો? | **જીમી કાર્ટર** |
| 99 | ભારતમાં શૂન્ય આધારિત બજેટની શરૂઆત ક્યારથી થઇ? | **૧૯૮૩** |
| 100 | ભારતમાં શૂન્ય આધારિત બજેટ સૌપ્રથમ ક્યાં વિભાગમાં લાગુ પાડવામાં આવ્યુ? | **વિજ્ઞાન ટેક્નોલોજી** |
| 101 | સરકારના વિભાગો અને ખાતઓ દ્વારા પગાર, વાહન વ્યવહાર, આકસ્મિક ખર્ચાઓ વગેરે દ્વારા ખર્ચનું વર્ગીકરણ કરવાની પદ્ધતિને શું કહે છે? | **શ્રુદ્ધિમુલક અંદાજપત્રક** |
| 102 | કામગીરી અંદાજપત્રનો જન્મ ક્યાં દેશમાં થયો હતો? | **અમેરિકા** |
| 103 | ભારતમાં કામગીરી અંદાજપત્ર અપનાવવાની સૌપ્રથમ ભલામણ કઇ સમિતિએ કરી? | **અંદાજ સમિતિ** |
| 104 | ભારતમાં કઇ સમિતિના ભલામણને આધારે ૧૯૬૮ માં કામગીરી અંદાજપત્રનો અમલ કરવામાં આવ્યો? | **વહીવટી સુધારણા પંચ** |
| 105 | ભારતમાં હિસાબનું સ્વરૂપ બંધારણનાં અનુ. ૧૫૦ માં જણાવ્યા મુજબ કોણ નક્કી કરે છે? | **C.A.G.** |
| 106 | ઓડિટ વિષયનો બંધારણનાં અનુ. ૨૪૬ મુજબ કઇ યાદીમા% સમાવેશ થયેલ છે? | **સંઘ યાદી** |
| 107 | સુખમોય ચક્રવર્તી સમિતિ(૧૯૮૨–૮૫) ની ભલામણને આધારે ભારતમાં ક્યા પ્રકારની ખાધને ધ્યાનમાં લેવામાં આવે છે? | **રાજકોષીય ખાધ** |
| 108 | કેન્દ્ર સરકારને ભારતીય રિઝર્વ બેંક દ્વારા આપવામાં આવેલા ઋણમાં થયેલ કુલ વધારોએ કઇ ખાધ છે? | **મુદ્રીકૃત ખાધ** |
| 109 | સરકારની આવક ખર્ચ અને ઋણ અંગેની નીતીને શું કહે છે? | **રાજકોષીય ખાધ** |
| 110 | નાણાંકીય નીતિ(Monetary Policy) કોણ બહાર પાડે છે? | **RBI** |
| 111 | સરકાર જે ઋણ/દેવું બેંકો,જનતા અથવા અન્ય નાણાકિય સંસ્થાઓ પાસેથે ઉધાર લી છે તેને શું કહેવાય? | **જાહેર દેવું** |
| 112 | સરકાર દર વર્ષે દેવું પરત કરવા એક અલગ ભંડોળનું નિર્માણ કરે છે. આ પદ્ધતિને શુ કહે છે? **સિકીંગ ફંડ** | |
| 113 | ભારતમાં સૌપ્રથમ બજેટ ક્યારે રજુ કરવામાં આવ્યું? | **૨૬ નવેમ્બર, ૧૯૪૭ (R.K Shanmukham Shetty)** |
| 114 | કોના મત મુજબ 'સતા ભ્રષ્ટ કર છે અને સંપૂર્ણ સતા સંપૂર્ણ ભ્રષ્ટ કરે છે'? | **લૉર્ડ એક્ટન** |
| 115 | Zero Hour ની પ્રથા ભારતીય સંસદીય પદ્ધતિમાં ક્યારથી અમલમાં આવેલ છે? | **૧૯૬૨** |

| | | |
|---|---|---|
| 116 | સભા મોકુફીની દરખાસ્ત સ્વીકારાય તે માટે લઘુતમ કેટલાં સભ્યોના સમર્થનની જરૂરિયાત રહે છે? | **૫૦** |
| 117 | જાહેર હિસાબ સમિતિનિ સ્થાપના સૌપ્રથમ ક્યા અધિનિયમ હેઠળ થઈ? | **ભારત સરકારનો કાયદો, ૧૯૧૯** |
| 118 | કઈ સમિતિને 'સતત સરકારની સમિતિ' પણ કહે છે? | **અંદાજ સમિતિ** |
| 119 | નોકરશાહીની કાર્યપ્રણાલી ઉપર મુખ્ય કારોબારીનું નિયંત્રણ એટલે? | **કારોબારી નિયંત્રણ** |
| 120 | જ્યારે વહીવટીતંત્ર અધિકાર વિના કે પોતાના અધિકાર ક્ષેત્રની ભૌગોલિક સીમાઓની બહાર કાર્ય કરે ત્યારે તેને શું કહે છે? | **અધિકાર ક્ષેત્રનો અભાવ** |
| 121 | જ્યારે વહીવટીતંત્ર કોઈ કાયદાને ખોટી વ્યાખ્યા કરે ત્યારે તેને શું કહેવાય છે? | **કાયદાની ભુલ** |
| 122 | ૧૯૫૧ માં 'જાહેર વહીવટ' પર અહેવાલ કોણે રજુ કર્યો? | **એ.ડી.ગોરવાલા** |
| 123 | Citizen Charter (નાગરીક અધિકારપત્રના પિતા) કોને કહેવામાં આવે છે? | **જહોન મેજર** |
| 124 | ભારતમાં લોકપાલ અને લોકાયુક્તની સ્થાપનાની સૌપ્રથમ ભલામણ કોણે કરી? | **પ્રથમ વહીવટી સુધારણા પંચ(મોરારજી દેસાઈ)** |
| 125 | અમલદારશાહીને વધુ પડતી મળેલ સત્તાને કોણે 'નવી તાનાશાહી' કહેલ છે? | **લોર્ડ એટન** |
| 126 | બંધારણનો કાયદો પુસ્તક કોનું છે? | **ડાયસી** |
| 127 | તુલનાત્મક જાહેર વહીવટના પિતા કોને ગણવામાં આવે છે? | **ફ્રેડ રીગ્ઝ** |
| 128 | The Ecology of Public Administration પુસ્તક કોણે લખ્યું હતુ? | **F.W.રિગ્ઝ** |
| 129 | વિકાસ વહીવટનાં પિતા કોને ગણવામાં આવે છે? | **જ્યોર્જ ગ્રાંટ** |
| 130 | વહીવટી ન્યાય પંચાયતો કેવી સંસ્થા છે? | **અર્ધન્યાયિક** |
| 131 | ભારતમાં કેન્દ્રીય ન્યાયપંચ ધારા ૧૯૮૫ માં શેની રચનાની જોગવાય છે? | **કેન્દ્ર વહીવટી પંચ, રાજ્ય વહીવટી પંચ અને સંયુક્ત વહીવટી પંચ** |
| 132 | ભારતમાં કેન્દ્રીય વહીવટી પંચ (cat)ને કોના જેવી સત્તાઓ અને સ્થાન મળેલ છે? | **વડી અદાલત** |
| 133 | CAT નાં નિર્ણય વિરૂદ્ધ અપીલ ફક્ત ક્યાં થઈ શકે છે? | **સર્વોચ્ચ અદાલત** |
| 134 | CAT નાં અધ્યક્ષની નિમણુંક કોણ કરે છે? | **કેન્દ્ર સરકાર** |
| 135 | ધારાસભાએ કાનુન/નિયમ ઘડવાની કારોબારીને સુપ્રત કરેલી સતા એટલે? | **વૈધાનિક સત્તાસોંપણી** |
| 136 | જ્યારે ધારાસભા કેટલીક હકીકતો અને સંજોગોને આધારે કોઈ મુખ્ય કાયદો ઘડે અને જરૂરી આનુષંગિક બાબતો માટે નિયમો ઘડવાની સતા વહીવટી એજન્સી એટલે કે અમલદારશાહીને સોંપે તેને શું કહે છે? | **આનુષંગિક વૈધાનિક સતા સોંપણી** |
| 137 | કેટલીક વાર ધારાસભા માત્ર રૂપરેખાત્મક કાયદો ઘડે છે. જેની હેઠળ જરૂરી નિયમો કે ધારાધોરણો સિવાય બાકીનું બધું અમલદારશાહી પર છોડી દેવામાં આવે છે તેને શું કહે છે? | **પૂરક વૈધાનિક સતા સોંપણી** |

| | | |
|---|---|---|
| 138 | કાયદો ઘડાઇ ગયા પછી તેની તેમની સમજુતી આપવાનું / અર્થઘટન કરવાનું કામ અમલદારશાહીને સોંપવામાં આવે છે તેને શું કહે છે? | **અર્થ ઘટનાત્મક વૈધાનિક સતા સોંપણી** |
| 139 | ભારતમાં વહીવટી પંચોની સ્થાપના બંધારણના ક્યા અનુચ્છેદ હેઠળ કરવામાં આવી છે? | **અનુ. ૩૨૩-A** |
| 140 | કેન્દ્રીય વહીવટી પંચ ધારા-૧૯૮૫ માં ભારત સરકારે ક્યારે સુધારો કર્યો? | **૨૦૦૫** |
| 141 | નીતિ અને ............ એ રાજનીતિના બે જુડવા બાળકો છે, જેને એકબીજાથી અલગ કરી શકાય નહી. | **વહીવટ** |
| 142 | ભારતમાં રાષ્ટ્રીય વિકાસ પરિષદનાં અધ્યક્ષ કોણ હોય છે? | **વડાપ્રધાન** |
| 143 | ભારતમાં રાષ્ટ્રીય વિકાસ પરિષદની સ્થાપનાં ક્યારે થઈ? | **૧૯૫૨** |
| 144 | ભારતમાં પંચવર્ષીય યોજનાને અંતિમ સ્વરૂપે મંજૂરી કોણ આપે છે? | **રાષ્ટ્રીય વિકાસ પરિષદ** |
| 145 | નીતિનિર્માણ એ ............. નો સાર છે? | **જાહેર વહીવટ** |
| 146 | રાષ્ટ્રીય વિકાસ પરિષદની સ્થાપના કઈ રીતે થઈ? | **કેબિનેટના ઠરાવથી** |
| 147 | ભારતમાં 'રોલીંગ પ્લાન' સ્વરૂપે નીતિ ઘડતરનું આયોજન કરવામાં ક્યાં વડાપ્રધાનનો ફાળો હતો? | **મોરારજી દેસાઈ** |
| 148 | કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નીતિ ઘડતર માટેના આયોજન માટે બંધારણ માં વિષયોને કેટલા ભાગમાં વહેંચવામાં આવેલ છે? | **ત્રણ** |
| 149 | જાહેર નીતિનો મુખ્ય ઉદેશ શું છે? | **જાહેરહીત** |
| 150 | ભારતમાં મુખ્ય કારોબારી કોણ છે? | **રાષ્ટ્રપતિ** |
| 151 | પોટા(Prevention of Terrorism) ક્યારે પસાર થયો? | **25 Oct, 2001** |
| 152 | સુપ્રિમ કોર્ટની જેમ હાઇકોર્ટને પણ અમુક કેસોમાં રિટ જારી કરવાની સતા આપવામાં આવે છે? | **અનુ. ૨૨૬** |
| 153 | ક્યા સુધારા મુજબ ૧૯૨૬ માં જાહેર સેવા આયોગની સ્થાપના કરવામાં આવી હતી? | **૧૯૧૯, મોર્લે-મિન્ટો સુધારા** |
| 154 | ભારત સરકારે લઘુમતીના હિતોના રક્ષણ અને સુરક્ષા માટે એક બિનસાંપ્રદાયિક પરંપરા જાળવી રાખવા માટે લઘુમતી પંચની સ્થાપના કરી? | **જાન્યુ. ૧૯૭૮** |
| 155 | પ્રથમ આંતરરાષ્ટ્રીય પરિષદની સ્થાપના ક્યારે કરવામાં આવી? | **૧૦-૧૦-૧૯૯૦** |
| 156 | Indian Military Academy ક્યાં આવેલી છે? | **દહેરાદુન** |
| 157 | Institute of national Integration ક્યાં આવેલી છે? | **પૂણે** |
| 158 | ચૂંટણીમાં ઇલેક્ટ્રોનિક્સ મશીનનો સૌપ્રથમ ઉપયોગ ક્યારે થયો? **કેરળમાં ઉપચુંટણીમાં અને સમગ્ર રાજ્યમાં પ્રથમ ઉપયોગ – ગોવા** | |
| 159 | ૧૯૪૮ માં કરકસર સમિતિની રચના કોના વડપણ હેઠળ થઈ? | **કસ્તુરભાઈ લાલભાઈ** |

## જાહેર વહીવટ – (થિયરી)

- વુડ્રો વિલ્સનનાં મતે 'જાહેર વહીવટ એ જાહેર કાયદાનો સંપૂર્ણ અને પદ્ધતિસરનો અમલ છે. કાયદાનો પ્રત્યેક ખાસ અમલ વહીવટી પ્રક્રિયા છે.'

- ડી.વાલ્ડોના મતે 'જાહેર વહીવટ એ રાજ્યોની બાબતમાં લાગુ પાડવામાં આવેલી વ્યવસ્થાની કળા અને વિજ્ઞાન છે.'
- એચ.સાયમનના મતે 'કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સરકારોની વહીવટી શાખાઓની પ્રવૃતિ ઓ એટલે જાહેર વહીવટ.'
- ડી.વાલ્ડોના મતે 'જાહેર અને ખાનગી વહીવટએ એક જ વંશની બે ભિન્ન પ્રજાતિઓ છે.'
- **જાહેર વહીવટનો જન્મ** : એક વિદ્યાશાખા રૂપે સૌપ્રથમ ૧૮૧૨ માં હેમિલ્ટનનાં 'ધ ફેડરાલિસ્ટ' માં લખાયો. ત્યારબાદ અમેરિકન ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ વુડ્રો વિલ્સને વહીવટી અભ્યાસ નામનો લેખ પોલિટિક્સ સાયન્સ ક્વાર્ટરલી નામના મેગેઝીનમાં ૧૮૮૭ માં લખ્યો. આ સાથે જ જાહેર વહીવટનો જન્મ થયો.
- ઇ.સ.૧૯૩૭ માં ગુલિક અને ઉર્વિક દ્વારા પ્રકાશિત 'Paper on the Science of Administration' એ પ્રશિષ્ટ સિદ્ધાંતને શિખર પર પહોંચાડી દીધો.
- **ગુલિકનાં દસ સિદ્ધાંતો :**
  1. કાર્યવિભાજન (Division of work)
  2. સંગઠનનો આધારો (Basis of Departmental Organization)
  3. શ્રેણી સ્તુપ દ્વારા સંકલન (Coordination through hierarchy)
  4. Deliberate Coordination
  5. સમિતિ દ્વારા સંકલન (Coordination Through Committee)
  6. વિકેન્દ્રીકરણ (Decentralized)
  7. આદેશની એકતા (Unity of command)
  8. કર્મચારી વર્ગ અને હરોળ (Staff and Line)
  9. પ્રતિનિધિ મંડળ (Delegation)
  10. નિયંત્રણનો ગાળો (Span of Control)
- **ગુલિકે POSDCORB સુત્ર દ્વારા વહીવટના સાત તત્વો નીચે મુજબ દર્શાવેલ છે.**
  P – Planning (આયોજન)
  O – Organization (સંગઠન)
  S – Staffing (કર્મચારી ગણ)
  D – Direction (માર્ગદર્શન)
  C – Coordination (સંકલન)
  O
  R – Reporting (અહેવાલ)
  B – Budgeting (અંદાજપત્ર)
- **સતાનો સિદ્ધાંત – વર્ચસ્વનો સિદ્ધાંત :**
  વેબરનો અમલદાર શાહીનો સિદ્ધાંત તેના વર્ચસ્વના સિદ્ધાંતનો જ ભાગ છે. તેમણે સતાનાં ત્રણ પ્રાકારો ગન્યાં–
  1. કાનુની વર્ચસ્વ – તર્ક આધારિત e.g. અમલદારશાહી
  2. પ્રણાલિગત વર્ચસ્વ – e.g. રાજાશાહી, લાયકાતનું ઓછું મહત્વ
  3. સંમોહક / વિભૂતિમાન વર્ચસ્વ – અસાધારણ ગુણો ધરાવતા નેતા

- **અમલદારશાહી** : (Bureaurocracy).
  અમલદારશાહી શબ્દનો સૌપ્રથમ વેન્સેન્ટ ડી ગોર્ને ઇ.સ.૧૭૪૬ માં ઉલેખ કર્યો. ફ્રેન્ચ ભાષામાં બ્યુરો એટલે પાટલી.
  લક્ષણો : શ્રેણી સ્વરૂપ, શ્રમ વિભાજન, નિયમો, કાર્યક્ષમતા, લેખિત દસ્તાવેજ, કારકિર્દી પ્રથા, નાણાંકિય વેતન, અવૈયક્તિકતા, કાર્ય વિશેષજ્ઞતા
- કોઇ પણ વ્યવસ્થાનાં પાંચ મૂળભૂત અંગ હોય છે.
  1. ઈનપુટ, 2. પ્રક્રિયા, 3. આઉટપુટ, 4. પર્યાવરણ, 5.ફીડબેક
- ડિમોડ અને ડિમોકના મતે 'સંગઠન એવું પાયાનું ઓજાર છે. જેના દ્વારા વહીવટી પ્રક્રિયાને ચાલુ હાલતમાં રાખી શકાય.'
- એલ.ડી.વ્હાઇટના મત મુજબ સંગઠનના મુખ્ય ત્રણ અંગો છે.
  1. સંયુક્ત સાહસ, 2.સામાન્ય ધ્યેય, 3.વ્યક્તિ
- ચેસ્ટરબર્નોર્ડ સંગઠનના મુખ્ય ત્રણ તત્વો ગણાવ્યા છે.
  1.સેવા કરવાની ઇચ્છા, 2.સામાન્ય ધ્યેય, 3.માહિતી સંચાર
- લુથર ગુલિકના મત મુજબ સંગઠનના મુખ્ય ચાર આધાર છે. જેને 4P તરીકે ઓળખાવામાં આવે છે.
  1. Purpose : ધ્યેય
  2. Process : પ્રક્રિયા
  3. Person : વ્યક્તિ
  4. Place : સ્થળ
- હેન્રી ફેયોલના મતે 'સત્તાએ આદેશો આપવાનો અધિકાર અને આજ્ઞાપાલન મેળવવાની શક્તિ છે.'
- સત્તાના ત્રણ પ્રાપ્તિ સ્થાનો છે.
  1.કાયદો(Law), 2.પ્રણાલિકા(Tradition), 3.સત્તા સોંપણી(Delegation)
- સત્તાના અંકુશો(મર્યાદાઓ)
  1.સત્તાની સાંકળ, 2.ધારાકિય અંકુશો, 3.બંધારણ સલામતીઓ
  4.અદાલતો, 5.વર્તમાન પત્ર અને મિડિયા
- વહીવટ પ્રક્રિયામાં જવાબદારીના ત્રણ પ્રકારો છે :
  1) રાજકિય, 2) સંસ્થાકિય, 3) વ્યાવસાયિક
- સેકલર અને હક્સન : કોઇ કાર્યના વિવિધ ભાગો વચ્ચે આંતર સંબંધો સ્થાપવાનાં કાર્યને સંકલન તરીકે ઓળખવામાં આવે છે.
- સરકારી કંપની : ભારતીય કંપની ધારાની કલમ ૬૧૭ મુજબ સરકારી કંપનીનો આશય એવી કંપનીનો છે, જેમાં ઓછામા ઓછી મુડીનો ૫૧% ભાગ કેન્દ્રીય સરકાર અથવા રાજ્ય સરકાર પાસે હોય. તેમાં કંપનીના અમુક કર્મચારી જે વિભાગોમાંથી આવે છે તેને બાદ કરતાં બાકીના કર્મચારી સનદી સેવક હોતાં નથી.
- જાહેર વહીવટનું મુખ્ય તત્વ કર્મચારી છે. હર્મન ફિનર કર્મચારી વહીવટને Manpower Management કર્મચારી સંચાલન વગેરે નામોથી પણ ઓળખાય છે.
- **નોકરશાહી(અમલદારશાહી) નાં પ્રકારો :**
  1) વાલીપણા નોકરશાહી 2) જાતિગત અમલદારશાહી
  3) સંરક્ષણ અમલદારશાહી 4) યોગ્યતા અમલદારશાહી
- ભરતીએ સનદી સેવાઓમાં પ્રવેશવાનું પ્રથમ બિંદુ છે તે મજબુત જાહેર સેવાની ચાવી છે.

- અંદાજપત્ર : બજેટ શબ્દ અંગ્રેજી શબ્દ Bougette 'બૉઝેટ' પરથી ઊતરી આવ્યો છે. જેનો અર્થ 'પાકીટ' અથવા 'પાઉચ' થાય છે.
- હિસાબી તપાસણી (ઑડિટ) : લેટિન શબ્દ Audire પરથી Audit શબ્દ ઊતરી આવ્યો છે. હિસાબી નોંધોનું પરીક્ષણ એટલે ઓડિટ.
- ભારતમાં ઓડિટ પ્રથા : કલમ ૨૪૬ અનુચ્છેદ ઑડિટ સંઘયાદીમાં અને ભારતમાં બંધારણની ૧૪૮ હેઠળ કમ્ટ્રોલર અને CAG નામનું સ્વતંત્ર હોદ્દો ધરાવતુ પદ ઊભુ કરેલ જેની નિમણુક રાષ્ટ્રપતિ દ્વારા થાય છે.

## જાહેર વહીવટ : અર્થ અને કાર્યક્ષેત્ર

| | | |
|---|---|---|
| 1 | 'સાર્વજનિક લક્ષ્યાંકો પૂર્ણ કરવા માટે સહકાર સાધતાં જૂથોની પ્રવૃતિઓ' એટલે જાહેર વહીવટ એવી વ્યાખ્યા કોણે આપી? | **હર્બટ સાયમન** |
| 2 | 'જાહેર વહીવટએ કાયદાનો વિગતવાર અને પદ્ધતિસરનો અમલ છે. કાયદાનો કોઇ પણ નિશ્ચિત વિનિયોગએ વહીવટનું કૃત્ય છે. | **વુડ્રો વિલ્સન** |
| 3 | 'સરકારની વહીવટી શાખાની પ્રવૃતિઓ એટલે જ જાહેર વહીવટ' એવું કોણે કહ્યુ છે? | **ડબલ્યુ.એફ.વિલોગ્બી** |
| 4 | "વહીવટ એક એવા પ્રકારનો સહકારી પ્રયાસ છે જેમાં ઊંચા સ્તરની તાર્કિકતા હોય છે." | **ડી.વાલ્ડો** |
| 5 | "જાહેર વહીવટ એ આધુનિક સમસ્યાનું હાર્દ છે." | **એલ.ડી.વ્હાઇટ** |
| 6 | POSDCORB શબ્દ કોણે આપ્યો? | **ગુલિક અને ઉર્વિક** |
| 7 | જાહેર વહીવટમાં સરકારની વહીવટી પાંખ મહત્વની છે એવું કોણે કહ્યું છે? | **રોબર્ટ બ્લુમ** |
| 8 | રાજકારણ અને વહીવટ વચ્ચે તફાવત છે એમ સૌપ્રથમ કોણે કહ્યું? | **વુડ્રો વિલ્સન** |
| 9 | 'ધ પ્રિન્સ' પુસ્તકના રચયિતા? | **મેકિયાવેલી** |
| 10 | કાર્યક્ષમતા અને કરકસરએ જાહેર વહીવટનાં મુખ્ય સૂત્રો છે. આ વિધાન કોનું છે? | **લિયોનાર્ડ વ્હાઇટ** |
| 11 | જાહેર વહીવટમાં શું થવુ જોઇએ અને શું ના થવું જોઇએ એવું ક્યા અભિગમમાં વિચારવામાં આવે છે? | **દાર્શનિક અભિગમ** |
| 12 | જાહેર વહીવટમાં જાહેર સતાધીશોનાં કાર્યો, સત્તાઓ અને મર્યાદાઓ ઉપર ક્યા અભિગમમાં ધ્યાન આપવામાં આવે છે? | **કાનૂની અભિગમ** |
| 13 | 'જો આપણી સભ્યતા નિષ્ફળ જાય તો તેનું મુખ્ય કારણ વહીવટી તંત્ર ટુટી પડવાનું હશે' – આ વિધાન કોણે કહ્યું છે? | **ડબલ્યુ બી. ડોનહામ** |
| 14 | "કાયદાનો અમલ કરવા માટે સરકાર જે કંઇ કાર્ય કરે છે તે જાહેર વહીવટ કરે છે"– આ વિધાન કોણે કહ્યું છે? | **એચ.વોકર** |
| 15 | જાહેર વહીવટના અભ્યાસમાં સૌથી જુનો અભિગમ ક્યો? | **દાર્શનિક અભિગમ** |
| 16 | જાહેર વહીવટમાં શાના કારણે જડતા આવે છે? | **કાયદાકીય જોગવાઇઓ** |
| 17 | જહેર વહીવટમાં અંકુશને મોટે ભાગે શાની સાથે સંબંધ છે? | **હોદ્દો** |

| | | |
|---|---|---|
| 18 | જાહેર વહીવટ માટે અનિશ્ચિતતાનો સમયગાળો ક્યો કહેવાય છે? | **૧૯૨૭–૩૭** |
| 19 | કોના પુસ્તક 'Principle of Public Administration' થી જાહેર વહીવટના બીજા તબક્કાની શરૂઆત થઈ? | **W.F.વિલોગ્બી** |
| 20 | જાહેર વસ્તુંઓની પસંદગી અંગેનો મરજિયાત વિનિમયનો સિદ્ધાંત કોણે આપ્યો છે? | **એરિક લિંડહોલ** |
| 21 | જાહેર વસ્તુઓના કિસ્સામાં 'પ્રાપ્ત થઇ શકે તેવા શ્રેષ્ઠ પરમ સુખ' નો ખ્યાલ કોણે આપ્યો હતો? | **પોલ સેમ્યુઅલસન** |
| 22 | જાહેર વહીવટ માટે ઉદારીકરણના યુગમાં સૌથી મોટો પડકાર ક્યો ઉભો થયો છે? | **બજારના પરિબળો સામે રાજ્યની ભુમિકાને પણ મજબુત બનાવવી** |

- **ઉદારીકરણના યુગમાં જાહેર વહીવટની ભૂમિકા :**
  → લોકોને ઉત્પાદન માટે સ્વતંત્રતા આપવી
  → ઉત્પાદન ઉપરના અંકુશો દુર કરવા
  → વેપાર આડેના અવરોધો દૂર કરવા અને હરિફાઇ ઉભી કરવી.
- **જાહેર વહીવટની પદ્ધતિમાં મહત્વનાં મુદ્દાઓ :**
  → જાહેર ખાનગી ભાગીદારી
  → સતાનું વિકેન્દ્રીકરણ
  → ખાનગી કંપનીઓને કોન્ટ્રાક્ટ

## સરકારી પંચો

- **ભારતમાં સરકારી પંચની રચના કેવી રીતે થાય છે?**
  → બંધારણ દ્વારા
  → વિધાનસભા અને સંસદના કાયદા દ્વારા
  → સરકારના ઠરાવ દ્વારા
- **ભારતનાં બંધારણ દ્વારા રચાતા પંચના સંદર્ભમાં :**
  → તેમના સભ્યોની નિમણુક રાષ્ટ્રપતિ કરે છે.
  → તેમના દ્વારા નિશ્ચિત કાર્યવાહી સિવાય હોદ્દા પરથી હટાવી શકાય નહી.
  → તેમના અહેવાલ સંસદના દરેક ગૃહ સમક્ષ મુકવામાં આવે છે.
- **સરકાર શાના માટે પંચની રચના કરે છે?**
  → ભ્રષ્ટાચારની તપાસ કરવા
  → કોઈક ઘટનાની તપાસ કરવા
  → કોઇક ક્ષેત્રનું નિયમન કરવા માટે
- **સરકાર દ્વારા નિમાતા પંચનું કાર્ય કેવું હોય છે?**
  **→ વહીવટી → અદાલતી → અર્ધ અદાલતી**
- સરકાર દ્વારા રચાતા બોર્ડ(સમિતિ/સંસ્થા)થી શો લાભ થાય છે?
  → જ્યાં વહીવટની પદ્ધતિઓમાં નિષ્ણાતોની જરૂર હોય ત્યાં તે ઉપયોગી થાય છે.
  → સરકારની નીતિઓ ઘડવામાં તે ઉપયોગી થાય છે.

→ સરકારની યોજનાઓ અને કાર્યક્રમોનો અમલ કરવામાં તે ઉપયોગ થાય છે.
→ તે યોગ્ય ઉકેલો શોધી કાઢે છે.

- સરકાર દ્વારા રચાતા બોર્ડ દ્વારા કઇ સમસ્યા ઊભી થાય છે?
  → સરકારી વિભાગ અને બોર્ડ વચ્ચે જવાબદારીઓ અંગે ગુચવાડો
  → બોર્ડની અંદર સભ્યો વચ્ચે જવાબદારી વહેંચાયેલી હોય છે તેથી જવાબદારી નક્કી કરવાનું મુશ્કેલ બને છે.
  → ઘણીવાર સરકારી વિભાગ અને બોર્ડ વચ્ચે સંકલનના અભાવે કાર્યોમાં વિલંબ થાય છે.
  → વહીવટી ખર્ચમાં વધારો થાય છે.
  → નિર્ણયો કરવામાં વિલંબ થાય છે.
  → ઘણીવાર નિર્ણયો રાજકીય હોવાના કારણે વ્યવસાયી રીતે બોર્ડ્સ કામ કરતા નથી.
- સરકાર સલાહકાર સમિતિની રચના શા માટે કરે છે?
  → નિષ્ણાંતોની સલાહ લેવા માટે
  → નાગરિકો સાથે સંવાદ કરવા માટે
  → નિર્ણયોમાં લોકભાગીદારી વધારવા માટે
  → તેનાથી સરકારી વિભાગો લોકોનાં સંપર્કમાં રહે છે.
  → તેનાથી સરકારી અધિકારીઓને તળ વાસ્તવિકતાની ખબર પડે છે.
  → વિવિધ સરકારી યોજનાઓ અને કાર્યક્રમોના અમલમાં લોકો સામેલ થાય છે.
  → તેનાથી સરકારને નિષ્ણાતોના જ્ઞાનનો લાભ મળે છે.
- સરકારની સલાહકાર સમિતિઓની રચના શાને આધારે થાય છે? → **સરકારી ઠરાવ**
- સરકારી ક્ષેત્રીય કચેરીઓ :
  → તેમણે મહત્વની બાબતોમાં સરકારના મુખ્ય કાર્યાલયની દેખરેખ હેઠળ કામ કરવાનું હોય છે.
  → એ ઘણી વાર અનેક સ્તરે કામ કરે છે.
  → વહીવટી વિસ્તાર મુજબ તેની રચના થાય છે.
- સરકારનો ક્ષેત્રીય વહીવટી વિસ્તાર ક્યાં પરીબળને આધારે નક્કી થાય છે?
  → ઐતિહાસિક, ભૌગોલિક, રાજકીય, કાનુની, સાંસ્કૃતિક અને નાણાકીય
- સરકારની ક્ષેત્રીય કચેરીઓના મુખ્ય કાર્યાલય સાથેના સંબંધોમાં ક્યાં તત્વો મહત્વનાં બને છે?
  →વહીવટી નિયંત્રણ, કાર્યગત નિયંત્રણ, મુખ્ય કાર્યાલયની કાર્યરીતિ અને પદ્ધતિ, ક્ષેત્રીય કચેરીમાં વિવિધ સ્તરે શ્રેણીગત સંબંધો
- TRAI ની સ્થાપના ક્યારે થઈ? → **૧૯૯૨**
- TRAI ભારત સરકારને ટેલિકોમ ક્ષેત્રે શાને વિશે ભલામણ કરે છે?
  → સ્પેક્ટ્રમ, પરવાના, ટેલિકોમની સાર્વત્રિક પહોંચ, મોબાઇલ નંબરની પોર્ટેબિલિટિ, એફ.એમ.રેડિયો, માધ્યમોની માલિકી, કોમ્યુનિટી રેડિયો, પ્લેટફોર્મ સેવાઓ, ડિરેક્ટ ટુ હોમ જોડાણ(DTH)
- TRAI ધારામાં ક્યારે સુધારા કરાયા? → **૨૦૧૧**
- SEBI ની સ્થાપના કરતો કાયદો ક્યારે ઘડાયો? → **૧૯૯૨**
- **સેબીની સ્થાપના ક્યાં હેતુસર કરવામાં આવી છે?**
  → જામીનગીરીઓમા રોકાણ કરનારાઓનાં હિતોનું રક્ષણ કરવું.
  → જામીનગીરી બજારનો વિકાસ કરવો.

→ જામીનગીરી બજાર સાથે સંબંધિત તમામ બાબતોનુ નિયમન કરવું
→ જામીનગીરી બજારનું નિયમન કરવું

- સેબીની સંચાલક બોર્ડમાં કેટલા સભ્યો હોય છે? → **૯**
- સેબી કોના કામકાજનુ નિયમન કરે છે?
  → ઇસ્યુના બેંકર , પેટાદલાલ
  → મર્ચન્ટ બેંકર, શેર દલાલ
  → અંડર રાઇટર, રોકાણ સલાહકારો
  → વિદેશી સંસ્થાકિય રોકાણકારો
  → મ્યુચ્યુઅલ ફંડો
  → વેન્ચર કેપિટલ ફંડો
  → ક્રેડિટ રેટિંગ એજન્સીઓ
- વીજ નિયમનકારી પંચ(ERC) (કેન્દ્રીય) ની સ્થાપના ક્યા કાયદા હેઠળ કરવામાં આવી? → **વીજ નિયમનકારી પંચ ધારો–૧૯૯૮**
- હાલ વીજ નિયમનકારી પંચ ક્યા કાયદા હેઠળ કામ કરે છે? → **વીજળીધારો, ૨૦૦૩**
- વીજળી ધારા –૨૦૦૩ ની કઇ કલમ હેઠળ કેન્દ્રીય વીજ નિયમનકારી પંચની સ્થાપના કરાઇ હતી? → **કલમ ૭૬**
- ગુજરાત વીજ નિયમનકારી પંચ(GERC) ની સ્થાપના ક્યારે થઇ? → **૧૯૯૮**
- રાજ્યોના વીજ નિયમનકારી પંચમાં અધ્યક્ષ સહિત કેટલા સભ્યો હોય છે? → **૩**
- કેન્દ્રીય વીજ નિયમનકારી પંચમાં અધ્યક્ષ સહિત કેટલા સભ્યો હોય છે? → **5**
- ગુજરાત વીજ નિયમનકારી પંચમાં ગ્રાહકો કોને ફરિયાદ કરી શકે છે? → **વીજ લોકપાલ**
- PFRDA – Pension Fund Regulatory and Development Authority
- PFRDA ની સ્થાપના કરતો કાયદો ક્યારે ઘડવામાં આવ્યો? → **૨૦૧૩**
- PFRDA દ્વારા રાષ્ટ્રીય પેંશન યોજના (NPS) ક્યારે શરૂ કરવામાં આવી? → **૨૦૧૪**
- IRDA માં અધ્યક્ષ ઉપરાંત કેટલાં સભ્યો હોય છે? → **૯**
- IRDA ની સ્થાપના કરનારો કાયદો ક્યારે થયો? → **૧૯૯૯**
- રિઝર્વ બેંકની સ્થાપના કરતો કાયદો ક્યારે થયો? → **૧૯૩૪**
- રિઝર્વ બેંકના બોર્ડમાં કેટલા સભ્યો હોય છે? → **૧૯**
- ક્યા બે મુખ્ય કાયદા હેઠળ RBI નાણાં બજાર ઉપર નિયમનનું કાર્ય કરે છે?
  → **RBI ધારો – ૧૯૩૪**
  → **બેંકિંગ નિયમન ધારો – ૧૯૪૯**
- સહકારી બેંકો RBI ના નિયમન હેઠળ ક્યારે આવી? → **૧૯૬૬**
- ચુકવણી વ્યવસ્થા ( Payment System) ઉપર નિયમન રાખવાની સતા RBI ને ક્યારે મળી? → **૨૦૦૩**
- CCI (ભારતીય સ્પર્ધા પંચ) ની સ્થાપના ક્યારે થઇ? → **૨૦૦૩**
- ભારતીય સ્પર્ધા ધારો ક્યારે ઘડાયો? – ૨૦૦૨ (૨૦૦૭ માં સુધારો)
- ભારતમાં સામાન્ય રીતે જાહેર–ખાનગી ભાગીદારી ક્યાં ક્ષેત્ર માટે અસ્તિત્વમાં આવી છે? → **માળખાગત સવલતો**
- જાહેર–ખાનગી ભાગીદારીના પ્રોજેક્ટસમાં વધારો થયો છે તેનું કારણ શું છે?
  → **સરકારને જાહેર સેવાઓમાં નફો થતો નથી અને એ સેવાઓની માંગ વધતી જાય છે.**
- ગુજરાતમાં જાહેર–ખાનગી ભાગીદારી ક્યા કાયદા હેઠળ કરવામાં આવે છે?
  →**ગુજરાત માળખાગત વિકાસ ધારો – ૧૯૯૯**

- જાહેર–ખાનગી ભાગીદારી માટે ભારતમાં સૌપ્રથમ કાયદો ક્યાં રાજ્યમાં ઘડાયો? → **ગુજરાત**
- જાહેર–ખાનગી ભાગીદારી માટે જે કરાર ખાનગી કંપની સાથે કરવામાં આવે છે તેને શું કહે છે?
  → **કન્સેશન એગ્રીમેન્ટ**
- ગુજરાત માળખાગત વિકાસ ધારો ૧૯૯૯ શાની જોગવાઈ કરે છે?
  → **માળખાગત વિકાસ માટે જાહેર–ખાનગી ભાગીદારી**

## વહીવટી તંત્ર

| | | |
| --- | --- | --- |
| 1 | ભારતના બંધારણમાં રાજ્યપાલ માટે ક્યાં ભાગમાં જોગવાઈ કરવામાં આવી છે? | **ભાગ ૬** |
| 2 | બંધારણની કઇ કલમ હેઠળ કેન્દ્રીય પ્રધાન મંડળની સલાહ મુજબ રાજ્યપાલની નિમણુક રાષ્ટ્રપતિ કરે છે? | **કલમ ૧૫૫** |
| 3 | બંધારણની કઇ કલમને આધારે કેન્દ્ર સરકાર રાજ્યપાલની બદલી કરે છે અથવા તે તેમને પદભ્રષ્ટ કરે છે? | **કલમ ૧૫૬** |
| 4 | 'રાજ્યપાલની મુખ્ય કામગીરી રાજ્ય સરકારનાં ગૌરવ, સ્થિરતા તેમજ તેની સામૂહિક જવાબદારીનું રક્ષણ કરવાની છે' – આ વિધાન કોનું છે? | **કનૈયાલાલ મુનશી** |
| 5 | વિધાનસભાની બેઠક બોલાવવાની સતા કોની પાસે છે? | **રાજ્યપાલ** |
| 6 | બંધારણની કઇ કલમ હેઠળ મુખ્યમંત્રી હોદ્દાના શપથ લે છે? | **અનુસૂચિ – ૩** |
| 7 | **રાજ્યનું મંત્રીમંડળ :**<br>1. મંત્રીમંડળ રાજ્યની વિધાનસભાને સામૂહિક રીતે જવાબદાર હોય છે.<br>2. જો કોઇ પ્રધાન વિધાનસભ્ય તરીકે બંધારણની અનુસૂચિ 10 અનુસાર ગેરલાયક ઠરે તો તે એ જ દિવસથી પ્રધાન તરીકે પણ ગેરલાયક ઠરે છે.<br>3. કોઇ પણ પ્રધાને બંધારણની અનુસૂચિ 3 મુજબ શપથ લેવાના હોય છે.<br>4. જે પ્રધાન સતત છ મહિના સુધી વિધાનસભ્ય ના હોય તે છ મહિના બાદ પ્રધાનપદે રહી શકે નહી.<br>5. રાજ્યનું મંત્રીમંડળ રાજ્યપાલનું પ્રવચન તૈયાર કરે છે. | |
| 8 | જો વિધાનસભ્યોની સંખ્યા રાજ્યમાં ૮૦ થી ૨૦૦ ની હોય તો દ્રિતીય વહીવટી સુધારા પંચે તેના ૧૫ માં અહેવાલમાં રાજ્યના મંત્રીમંડળની સભ્ય સંખ્યા કેટલી રાખવાની ભલામણ કરી છે? | **વિધાનસભાની સભ્ય સંખ્યાના 12%**<br>**(Normally 15% હોય)** |
| 9 | 'બંધારણીય રીતે પ્રધાન તેમના સચિવ દ્વારા લેવાયેલા પગલાં માટે જવાબદાર છે' – આ વિધાન કોનું છે? | **ચાગલા પંચ** |
| 10 | ભારતમાં કેન્દ્રના મુખ્ય સચિવનો હોદ્દો ક્યારે ઊભો કર્યો? | **૧૭૯૯** |
| 11 | ભારતમાં કેન્દ્રના મુખ્ય સચિવ નો હોદ્દો કોણે ઊભો કર્યો? | **લોર્ડ વેલેસ્લી** |
| 12 | ક્યારથી ભારતનાં તમામ રાજ્યોમાં સૌથી વરિષ્ઠ મુલકી અધિકારી મુખ્ય સચિવ બને છે? | **૧૯૭૩ થી** |
| 13 | કોની ભલામણથી રાજ્યના મુખ્ય સચિવનો હોદ્દો ભારત સરકારના સચિવના હોદ્દાની સમકક્ષ બન્યો? | **ભારતનું વહીવટી સુધારણા પંચ** |

| | | |
|---|---|---|
| 14 | કેન્દ્ર સરકાર અને અન્ય રાજ્ય સરકારો વચ્ચેના સંદેશા વ્યવહારમાં મુખ્ય ચેનલ તરીકે કોણ કામ કરે છે? | **મુખ્ય સચિવ** |
| 15 | જ્યારે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લદાય ત્યારે રાજ્યપાલના મુખ્ય સલાહકાર તરીકે કોણ કામ કરે છે? | **મુખ્ય સચિવ** |
| 16 | ક્યો અભિગમ પરંપરાગત લાઇન અને સ્ટાફ વ્યવસાયને અનુરૂપ છે? | **'જેમ છે તેમ અભિગમ'** |
| 17 | ગુજરાતમાં સૌપ્રથમ કલેક્ટર મેન્યુઅલ ક્યારે બહાર પાડવામાં આવ્યું? | **૨૦૦૮** |
| 18 | કલેક્ટર સીધી રીતે ગુજરાત સરકારના ક્યા વિભાગ હેઠળ કામ કરે છે? | **મહેસૂલ** |
| 19 | **કલેક્ટરની નીચે ક્યા અધિકારી કામ કરે છે?**<br>→ જિલ્લા પુરવઠા અધિકારી → નિવાસી અધિક કલેક્ટર → ના.કલેક્ટર (જ.સુ.)<br>→ પ્રાંત ઓફિસર → નાયબ કલેક્ટર (મ.ભો.યો.) → નાયબ નિવાસી કલેક્ટર | |
| 20 | જિલ્લામાં રાજ્યનાં સતાવાર એજંટ કોણ હોય છે? | **કલેક્ટર** |
| 21 | જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ કોણ હોય છે? | **જે તે જિલ્લાના પ્રભારી મંત્રી** |
| 22 | કલેક્ટરના મહેસુલ કાર્યની માસિક સમીક્ષા કોણ કરે છે? | **રેવન્યુ ઇન્સ્પેક્ટર કમિશનર** |
| 23 | કલેક્ટરની નિમણુક રાજ્ય સરકાર શાના હેઠળ કરે છે? | **જમીન મહેસૂલ ધારો, ૧૮૭૯** |
| 24 | લોકસભાની ચુંટણી વખતે જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે કોણ ફરજ બજાવે છે? | **કલેક્ટર** |
| 25 | ૨૦૧૨ માં ગુજરાત માં વહીવટ માટે કેટલા પ્રાંત હતા? | **૧૧૨** |
| 26 | ગુજરાતમાં ચિટનીશ સીધા કોના હેઠળ કામ કરે છે? | **નિવાસી અધિક કલેક્ટર** |
| 27 | ગુજરાતમાં મામલતદાર સીધા કોના હેઠળ કામ કરે છે? | **પ્રાંત કલેક્ટર** |
| 28 | જિલ્લા તકેદારી સમિતિના અધ્યક્ષ કોણ હોય છે? | **કલેક્ટર** |
| 29 | આવશ્યક ચીજવસ્તુ ધારો ૧૯૫૫ નો અમલ કોણ કરે છે? | **જિલ્લા કલેક્ટર** |
| 30 | મનોરંજન વેરાની વસૂ લાત કોણ કરે છે? | **મામલતદાર** |
| 31 | પ્રાંત ઓફિસરની નિમણૂક શાના હેઠળ થાય છે? | **જમીન મહેસૂલ ધારો, ૧૮૭૯** |
| 32 | જિલ્લામાં સબ ડિવિઝનલ ઓફિસર તરીકેની સતા કોની પાસે હોય છે? | **પ્રાંત ઓફિસર** |
| 33 | સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ તરીકેની જવાબદારી કોણ નિભાવે છે? | **પ્રાંત ઓફિસર** |
| 34 | જિલ્લા આયોજન સમિતિમાં કેટલા સભ્યો હોય છે? | **૩૦ થી ૪૦** |
| 35 | ગુજરાતમાં જિલ્લા આયોજન મંડળની રચના ક્યારથી થઇ? | **૧૯૮૦** |
| 36 | ક્યા રાજ્યમાં તાલુકા પંચાયતની રચના મરજીયાત છે? | **જેની વસ્તી ૨૦ લાખથી ઓછી હોય** |
| 37 | 73 મો બંધારણીય સુધારો અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા માટેનો કાયદો સંસદે ક્યારે ઘડ્યો? | **૧૯૯૬** |
| 38 | ૭૩ માં બંધારણીય સુધારા હેઠળ ભાગ–૯ માં કઇ કલમો છે? | **૨૪૩ થી ૨૪૩(ઓ)** |
| 39 | ભારતનાં બંધારણમાં પંચાયતોનો ઉલ્લેખ બંધારણના આરંભથી શામાં | **રાજ્યનીતિના માર્ગદર્શક** |

| | | |
|---|---|---|
| | કરવામાં આવ્યો હતો? | **સિદ્ધાંતો(કલમ -૪૦)** |
| 40 | ભારતમાં આધુનિક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો પાયો કોણે નાખ્યો? | **લોર્ડ રિપન** |
| 41 | ૧૯૦૭ના રોયલ કમિશને શાની ભલામણ કરી હતી? | **ગ્રામપંચાયતોના કાર્યક્ષેત્રને વિસ્તૃત બનાવવું** |
| 42 | ગ્રામ્ય વિસ્તારોમાં ત્રિસ્તરીય પંચાયતોની ભલામણ કઇ સમિતિએ કરી હતી? | **અશોક મહેતા સમિતિ** |
| 43 | પંચાયતો માટેની મતદાર યાદીમાં નામની નોંધણી માટે ક્યો કાયદો લાગુ પડે છે? | **લોકપ્રતિનિધિત્વ ધારો** |
| 44 | પંચાયતી રાજને મજબૂત કરવા માટે કોના સમયગાળા દરમ્યાન ૬૪ મો બંધારણીય સુધારો સંસદમાં રજુ કર્યો હતો? | **રાજીવ ગાંધી** |
| 45 | **જાહેર વહીવટ એટલે શુ?**<br>→જાહેર વહીવટ અર્થાત રાજ્ય વહીવટ એ રાજ્યના ધ્યેયો અને સરકારી નીતિઓને પરિપૂર્ણ કરવાં માટે કાયદેસર રીતે વ્યવસ્થિ ઢબે અને સભાનતા પૂર્વક હાથ ધરાવતી પ્રવૃતિઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર. | |
| 46 | **Public Administration શબ્દમાં Administration શબ્દ કઇ ભાષાનો બનેલો છે?**<br>→લેટિન ભાષાના બે શબ્દ Ad અને Ministiar જેનો અર્થ સેવા કરવી/કાર્યો પાર પાડવા. | |
| 47 | ક્યા વિદ્વાનના મતાનુસાર જાહેર વહીવટમાં કારોબારી ઉપરાંત ધારાકીય અને ન્યાયિક શાખાનો સમાવેશ કરવામાં આવ્યો છે? | **લ્યુથર ગુલિક** |
| 48 | ક્યા વિદ્વાનના મતાનુસાર જાહેર વહીવટની સેવાનો વ્યાપ ખુબ જ વિસ્તરેલો છે? | **વુડ્રો વિલ્સન(અમેરિકી પ્રમુખ)** |
| 49 | ક્યા વિદ્વાનના મતાનુસાર જાહેર વહીવટ એ સરકારી નીતિઓનું અમલ કરનારું શાસ્ત્ર છે? | **એલ.ડી.વ્હાઇટ** |
| 50 | સૌપ્રથમ જાહેર વહીવટની વ્યાખ્યા કોણે આપી હતી? | **1787, હેમિલ્ટને પોતાના પુસ્તક 'સમવાયવાદી'માં** |
| 51 | **'વહીવટનો અભ્યાસ' નિબંધ કોણે અને ક્યારે લખ્યો?**<br>➔ 1887 માં 'પોલિટીકલ સાયન્સ ક્વાર્ટલી' નામના મેગેઝિનમાં અમેરિકાના પ્રમુખ વુડ્રો વિલ્સનને આ સાથી જ જાહેર વહીવટનો અલગ શાખા તરીકે વિકાસ થયો | |
| 52 | ક્યાં વિદ્વાનનો જાહેર વહીવટનાં વિશાળ દષ્ટિબિંદુમાં માને છે? | **જહોન પિનફર, માર્શલ ડિમોક, લ્યુથર ગુલિક** |
| 53 | ક્યાં વિદ્વાનનો જાહેર વહીવટનાં સંકુચિત દષ્ટિબિંદુમાં માને છે?(માત્ર કારોબારી શાખા) | **હર્બટ સાયમન, L.D.વ્હાઇટ** |
| 54 | ક્યાં વિદ્વાનનો જાહેર વહીવટને માત્ર સંચાલન સાથે સંકળાયેલું માને છે? | **લ્યુથર ગુલિક** |
| 55 | ક્યાં વિદ્વાનનો જાહેર વહીવટનો સમન્વયકારી દષ્ટિકોણને અનુસરે છે? | **જહોન પિનફર, વોકર** |
| 56 | **જાહેર વહીવટના અભ્યાસનું મહત્વ જણાવો?**<br>**1)** લોક કલ્યાણ ક્ષેત્રે, 2) રાજ્ય અને સમાજને સ્થિરતા આપે છે, 3) લોકશાહી ક્ષેત્રે, 4) એક | |

| | | |
|---|---|---|
| | વિષય તરીકે | |
| 57 | **જાહેર વહીવટ અને ખાનગી વહીવટ ક્યાં મુદ્દાઓ પર અલગ પડે છે?** 1. સંગઠન, 2.મૂળભૂત ધ્યેય, 3.કાર્યનું સ્વરૂપ, 4.જવાબદારીની દષ્ટિએ, 5. કાર્યક્ષમતાની દષ્ટિએ, 6. સમાનતાપૂર્ણ વ્યવહારની દષ્ટિએ, 7.નાણાકિય અંકુશની દષ્ટિએ, 8. ઈજારાશાહી હરિફાઇ | |
| 58 | જાહેર અને ખાનગી એમ બંને વહીવટને સમાન ગણનારા વિદ્વાનો ક્યાં ક્યાં છે? | **હેન્રી ફેયોલ, મેરી ફોલેટ, એલ. ઉર્વિક** |
| 59 | જાહેર અને ખાનગી એમ બંને વહીવટને સમાન ગણનારા વિદ્વાનો ક્યાં ક્યાં છે? | **હર્બટ સાયમન, પોલ એપલ્બી, જોશિયા સ્ટેમ્બ** |
| 60 | જાહેર વહીવટનો અલગ શાખા તરીકે ઉદભવની શરૂઆત ક્યારે થયેલી માનવામાં આવે છે? | **૧૮૮૭ માં વુડ્રોવિલ્સનનાં વહીવટનો અભ્યાસ નિબંધથી** |
| 61 | 'રાજકારણ અને વહીવટ' પુસ્તક કોનું છે? | **ઈ.સ.1900, એફ.જે.ગુડનાઉ** |
| 62 | 'રાજકારણ' એ રાજ્યની ઈચ્છાની પ્રતિક્રિયા છે અને વહીવટ એ ઈચ્છાનો અમલ છે' શબ્દો કોના છે? | **એફ.જે.ગુડનાઈ** |
| 63 | જાહેર વહીવટને રાજ્યશાસ્ત્રથી અલગ કરવાનો સૌપ્રથમ પ્રયાસ ક્યા વિદ્વાને ક્યા પુસ્તક દ્વારા કર્યો? | **1926, 'જાહેર વહીવટની ભુમિકા', L.J. વ્હાઇટ** |
| 64 | In principle of Public Administration (જાહેર વહીવટનો સિદ્ધાંત) પુસ્તક કોનું છે? | **1927, W.F.વીલોબી** |
| 65 | **POSDCORB નો સિદ્ધાંત કોણે અને ક્યાં પુસ્તકમાં રજુ કર્યો?** ➔ 1937, લ્યુથર ગુલિક અને ઉર્વીક 'વહીવટી વિજ્ઞાન ઉપર લેખ' પુસ્તકમાં | |
| 66 | 'નોકરશાહીનો આદર્શ પ્રકાર' ખ્યાલ કોણે આપ્યો | **મેક્સવેબરે** |
| 67 | જાહેર વહીવટના ઉદવિકાસમાં ક્યાં કાર્યક્રમે ભાગ ભજવ્યો? **રૂઝવેલ્ટના 'ન્યૂડીલ' કાર્યક્રમ** | |
| 68 | 'કારોબારીના કાર્યો' પુસ્તકના રચયિતા કોણ છે? | **1936, રોસ્ટર બર્નાડ** |
| 69 | મૂલ્યરહીત વહીવટનો આધાર સૌપ્રથમ કોણે રજું કર્યો? | **એફ.એમ.માર્ક્સે, 'જાહેર વહીવટનાં તત્વો' પુસ્તકમાં** |
| 70 | ક્યા વિદ્વાને વહીવટી સિદ્ધાતોને 'વહીવટી કહેવતો' તરીકે ઓળખાવી? | **1946, હર્બટ સાયમન** |
| 71 | જાહેર વહીવટને અલગ વિજ્ઞાન તરીકે વિકસાવવામાં સમસ્યા છે એવું ક્યા વિદ્વાને ક્યાં પુસ્તકમાં જણાવ્યું? | **1947, 'જાહેર વહીવટનું વિજ્ઞાન–3', રોબર્ટ દહલ** |
| 72 | 'વહીવટી રાજ્ય : અમેરિકન જાહેર વહીવટના રાજકીય સિદ્ધાંતોનો અભ્યાસ' પુસ્તક કોનું છે? | **1948, ડિવાઇડ વાલ્ડો** |
| 73 | ક્યાં વિદ્વાને જાહેર વહીવટને લોકશાહી અને મુલ્ય આધારિત પ્રથા ગણવાનો વિરોધ કર્યો છે? | **ડિવાઇડ વાલ્ડો** |
| 74 | નવીન જાહેર વહીવટ શાસ્ત્ર માટેની ચળવળની શરૂઆત ક્યારથી થઇ? | **1967,અમેરિકામાં મીનોબ્રોક ખાતે 33 વિદ્વાનોની મિટીંગમાં** |

| | | |
|---|---|---|
| 75 | NPM શું છે?<br>➔ New Public Management જેમાં ખાનગી ક્ષેત્રની સંચાલનની ટેકનિકોનો ઉપયોગ લેવાનું વિચારાયું છે. | |
| 76 | **NPM ની મુખ્ય બાબતો જણાવો.**<br>→ 1. કાર્યક્ષમતા, અસરકારકતા અને સેવાની ગુણવતા ઉપર ભાર આપવો.<br>→ 2. વિકેન્દ્રીકરણ સંચાલન જે ગ્રાહકને અપેક્ષા પ્રમાણે સેવા ગોઠવી શકે.<br>→ 3. કર્મચારી માટે ઉપયોગી એવી નવી કાર્મિક સંચાલન નીતિનો અમલ કરવો. | |
| 77 | લોકપસંદગીના સિદ્ધાંતમાં કઇ બાબતો મુખ્ય છે? | **ઉદારવાદી આર્થિક નીતિ, ખાનગીકરણ, વૈશ્વીકરણ** |
| 78 | લોકપસંદગીના સિદ્ધાંતનું સમર્થન કરનારા વિદ્વાનો ક્યા ક્યા છે?<br>**મિલ્ટન ફીડમેન, જેમ્સ બુચમેન, ગોર્ડન તુલોક, લિલિયમ નિસ્કમેન** | |
| 79 | ક્યા વિદ્વાનના મતે લોક પસંદગીનો સિદ્ધાંત સુશાસનની(ગુડ ગવર્નન્સ) ની સૈદ્ધાંતિક ભૂમિકા પૂરી પાડે છે? | **વિન્સેટ ઓસ્ટ્રમ** |
| 80 | 'અમેરિકન જાહેર વહીવટ' અને 'સંયુક્ત ગણતંત્રનો રાજકીય સિદ્ધાંત' પુસ્તક કોના છે? | **વિન્સેટ ઓસ્ટ્રમ** |
| 81 | સરકારની પુનઃ શોધ નો ખ્યાલ કોણે આપ્યો? | **ડેવિડ ઓસ્બાર્ન & ટેડ ગેમ્બર** |
| 82 | સંક્રાંતિકાલીન સરકારની વિચારણા ક્યારથી શરૂ થઇ?<br>→ 1994, કેનેડાના કેરલોટમ ખાતેથી જાહેર વહીવટ અને સંચાલનની ઉચ્ચસ્તરીય કોમન વેલ્થના સંમેલનથી | |
| 83 | કઇ સંસ્થાએ 'સરકારની પુનઃ શોધ' બાબતનું સમર્થન કર્યું? | **1991, વિશ્વબેંકે** |
| 84 | સુશાસન શબ્દનો સૌપ્રથમ ઉપાયોગ ક્યારે થયો? | **ઇ.સ.1628 અને ,ઇ.સ.1721માં તેનો ચોક્કસ અર્થ કરવામાં આવ્યો.** |
| 85 | સુશાસનનું ચિંતન ક્યા ગ્રીક દાર્શનિકમાં જોવા મળે છે? | **પ્લુટોના 'આદર્શ રાજ્યમાં, રૂસોના 'જનરલ વિલમાં'** |
| 86 | ક્યાં ભારતીય શાસ્ત્રોમાં સુશાસનનો વિચાર રજુ કરવામાં આવ્યો છે?<br>→ યર્જુવેદ, ગીતા, મહાભારત(શાંતિપર્વ), મનુસ્મૃતિ, કૌટિલ્યનાં અર્થશાસ્ત્રમાં, મહાત્મા ગાંધીના રામરાજ્યમાં | |
| 87 | કઇ સંસ્થાઓના અહેવાલોમાં સુશાસન માટે અગત્યની બાબતો કહેવામાં આવી છે?<br>→ 1) 1992, વિશ્વબેંકના અહેવાલમાં, 2) 2002 માં 'માનવ વિકાસ' ના અહેવાલમાં | |
| 88 | સરકારની પુનઃ શોધ માટેના 10 સિદ્ધાંતો જણાવો.<br>→ 1) પ્રેરણાદાયી સરકાર, 2)સામુદાયિક ભાવનાઓને દઢ બનાવનાર, 3) હરિફાઇને ઉતેજન આપનાર, 4)ચોક્કસ ધ્યેય અને નિયમાનુસાર કાર્ય, 5) પરિણામલક્ષી, 6) સાહસિક, 7) પૂર્વાનુમાનિત, 8) ગ્રાહકલક્ષી, 9) બજારલક્ષી, 10) વિકેન્દ્રીત | |
| 89 | ભારતમાં કેન્દ્ર અને રાજ્યમાં સભ્ય સંખ્યાના 15% પ્રધાનમંડળ ક્યારે કરવામાં આવ્યો? તે ક્યાં વિચારનું પરિણામ છે? | **2004, સરકારની પુનઃ શોધ** |

| | | |
|---|---|---|
| 90 | 73 અને 74 મો બંધારણીય સુધારો તથા સ્ત્રીઓને 33% અનામત ક્યા વિચારનું પરિણામ છે? | **સરકારની પુનઃ શોધ** |
| 91 | ચાર્લ્સ ટેલરે નાગરિક સમાજને કેવો કહ્યો છે?<br>→ અચોક્કસ સીમાઓ ધરાવનાર, ઉદામવાદી, બિનસાંપ્રદાયિક, મેટ્રોટોપિકલ એકમ | |
| 92 | 'નાગરિક સમાજ હજુ પણ પરિવર્તીત થઇ રહ્યુ છે? આ વિધાન કોનું છે? | **હેબરમાસ અને ફેરવર્ટ** |
| 93 | 'હજુ સ્ત્રીઓને નાગરિક સમાજમાં જોઇએ એવું સ્થાન નથી મળતું' આ વિધાન કોનું છે? | **અનુરાધા ચીનોય** |
| | **રાજ્ય, જીલ્લા અને સ્થાનિક વ્યવસ્થાતંત્ર** | |
| 94 | ભારતના બંધારણે ભારતને ક્યાં નામથી ઓળખવેલ છે? | **રાજ્યોનો સંઘ/સંઘ રાજ્ય** |
| 95 | ક્યાં બંધારણીય સુધારાથી રાજ્યોનું પુનર્ગઠન થયું છે? | **7મો બંધારણીય સુધારો,1956** |
| 96 | ભારતમાં રાજ્યોની કેટલી શ્રેણી છે? કઇ કઇ? | **બે શ્રેણી.(1)રાજ્ય, (2)સંઘ રાજ્યક્ષેત્ર** |
| 97 | ભારતમાં રાજ્યકક્ષાએ વહીવટીતંત્રની સ્થાપના કોણે, ક્યારે અને ક્યાં રાજ્યોથી થઇ? | **ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ,1773 માં મદ્રાસ, કલકતા અને મુંબઇ** |
| 98 | બંધારણના ક્યાં ભાગમાં અને કઇ અનુસૂચિમાં રાજ્ય વહીવટતંત્રની જોગવાઇ કરવામાં આવી છે? | **ભાગ–6, અનુ. 153 થી 237** |
| 99 | બંધારણે રાજ્ય યાદીના કેટલા વિષયો અને સંયુક્ત યાદીના કેટલા વિષયો પર રાજ્યને કાયદો ઘડવાની સ્વતંત્રતા આપી છે? | **રાજ્યયાદી – ૬૧, સંયુક્ત યાદી–૫૨** |
| 100 | **રાજ્યપાલની બંધારણીય જોગવાઇ વિશે જણાવો.**<br>→ Art 153 – દરેક રાજ્ય માટે એક રાજ્યપાલની જોગવાઇ પરંતુ ક્યારેક બે અથવા વધું રાજ્યો માટે એક જ વ્યક્તિ રાજ્યપાલ તરીકે ફરજ બજાવે.<br>→ Art 155 – રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યપાલની નિમણુંક (કેનેડાના બંધારણ માંથી | |
| 101 | **રાજ્યના વહીવટી – બંધારણીય વડાં કોણ છે?**<br>→ રાજ્યપાલ. રાજ્યપાલની બેવડી ભૂમિકા (1) કેન્દ્ર સરકારના પ્રતિનિધિ, (2) રાજ્યનાં બંધારણીય વડાં | |
| 102 | **રાજ્યપાલની નિમણુંક કોણ કેટલા સમયગાળા માટે કરે છે?**<br>→ Art 155 – રાષ્ટ્રપતિ કરે છે. સામાન્ય રીતે રાજ્ય બહારનો અને મુખ્યમંત્રી સલાહથી.<br>→ Art 156 – સામન્ય રીતે પાંચ વર્ષ પણ રાષ્ટ્રપતિની ઇચ્છા સુધી. | |
| 103 | **રાજ્યપાલની નિમણુંક અંગેની શરતો જણાવો.**<br>→ Art 157 – (1) ભારતનો નાગરિક, (2) ઓછામાં ઓછી 35 વર્ષની ઉંમર, (3) લાભનું પદ ન હોય, (4) પગાર, ભથ્થા અને અન્ય લાભો સંસદ નક્કી કરે છે. | |
| 104 | **રાજ્યપાલના કાર્યો અને સત્તાઓ જણાવો.**<br>(1) કારોબારી : મુખ્યમંત્રી, મંત્રી પરિષદ, એડવોકેટ જનરલ, ચુંટણી કમિશનર, રાજ્ય ચુંટણીપંચ, નાણાપંચ, રાજ્ય જાહેર સેવા આયોગ, વિધાન પરિષદના 1/6 સભ્યો, તમામ વહીવટ તેમના નામે | |

| | | |
|---|---|---|
| | (2) ધારાકીય : ધારાસભાનો ભાગ, ધારાસભાની બેઠક બોલાવવી/મુલતવી/બરખાસ્ત, કોઈપણ ખરડો તેમની સહી પછી જ કાયદો, વટહુકમ, પ્રત્યેક વર્ષ/નવી ધારસભાની પ્રથમ બેઠકનો, નાણાપંચ અને CAG નાં અહેવાલને રજું કરવાં.<br>(3) નાણાકીય : બજેટ રજું કરવું, નાણા ખરડો તેમની મંજુરીથી રજું, આકસ્મિક નિધિનાં સંરક્ષણ, નાણાંપંચની નિમણુંક<br>(4) ન્યાય વિષયક : હાઈકોર્ટના ન્યાયાધીશની નિમણુંકમાં રાષ્ટ્રપતિ બાદ, હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશની સલાહથી જિલ્લા ન્યાયાધીશની નિમણુંક, રાજ્યમાં અન્ય માફી પણ મૃત્યુ કે લશ્કરી સજામાં નહી. | |
| 105 | રાજ્યનાં વાસ્તવિક વડાં કોણ? | **મુખ્યમંત્રી** |
| 106 | રાજ્ય સરકારના વડાં કોણ છે? | **મુખ્યમંત્રી – રાજ્યનાં વહીવટી તંત્રના સુકાની** |
| 107 | સંઘમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કોણ કરે છે? | **મુખ્યમંત્રી** |
| 108 | **મુખ્યમંત્રી અને મંત્રીઓની નિમણુંક અંગે બંધારણીય જોગવાઈ જણાવો.**<br>→ Art 163 – મંત્રીપરિષદ રાજ્યપાલની સલાહ માટે<br>→ Art 163 – રાજ્યપાલ દ્વારા નિમણુંક – (1) વ્યક્તિગત – રાજ્યપાલ, (2) સામુહિક – ધારાસભા | |
| 109 | મંત્રીઓના પગાર ભથ્થા કોણ નક્કી કરે છે? | **ધારાસભા** |
| 110 | **મુખ્યમંત્રીની સતા અને કાર્યો જણાવો.**<br>→ 1) પ્રધાનમંડળમાં કેબિનેટનાં વડાં, તેમની સલાહથી પ્રધાનોની નિમણુંક, ખાતાની વહેંચણી, કેબિનેટની બેઠકની અધ્યક્ષતા, નિરીક્ષણ/નિયંત્રણ, 2)ધારાસભા માટે ગૃહનાં નેતા, બેઠક બોલાવવા/સ્થગિત રાખવા સલાહ, 3) રાજ્યપાલનાં સંબંધમાં રાજ્યપાલની બંધારણીય સત્તાનો વાસ્તવિક પ્રયોગ, રાજ્યપાલને માહિતગાર, રાજ્યપાલના ઉદ્દેશને વિચારણામાં લે છે, ઍડવોકેટ જનરલ, રાજ્ય ચુંટણી કમિશ્નર, જાહેર સેવા પંચ, નાણાંપંચ નિમણુંકમાં સલાહ આપે છે. | |
| 111 | મોટેભાગે રાજ્યનું સચિવાલય ક્યાં હોય છે? | **રાજ્યનાં પાટનગરમાં** |
| 112 | રાજ્યની કારોબારી સત્તા કોની પાસે છે? | **રાજ્યપાલ (Art -154)** |
| 113 | ક્યાં અધારે સચિવાલયનાં વિભાગમાં વધ–ઘટ થાય છે? | **રાજ્યનો વિસ્તાર, વસ્તી અને વિકાસ** |
| 114 | **સચિવાલયનાં કાર્યો જણાવો.**<br>→ મુખ્ય કામ સલાહકારી, રાજ્ય યાદીમાં જણાવેલા, સંયુક્ત યાદી ઉપર રાજ્યે ઘડેલા કાયદાને અમલમાં મુકવાનું, પ્રધાનમંડળને નીતિ ઘડતર અને નિર્ણયમાં મદદ કરે છે, ખાતાકીય પ્રશ્નોના ઉકેલ માટે તથ્યઓનું વિશ્લેષણ કરી વિકલ્પો સુચવે છે, વિવિધ ખાતાની કામગીરીની પ્રવૃતિઓનું નિરીક્ષણ અને નિયંત્રણ કરે છે, આયોજન અને નાણાંકિય કાર્યો માટે નિર્ણય લેવામાં સહાયભૂત, કેન્દ્ર રાજ્યના સંબંધોમાં સંચાર વ્યવસ્થા તરીકે કાર્ય કરે છે. કાર્મિક વહીવટ માટે નીતિ ઘડે છે. | |
| 115 | રાજ્યના વહીવટી વડાં કોણ છે? | **મુખ્ય સચિવ** |
| 116 | કેન્દ્રકક્ષાએ મુખ્ય સચિવનું પદ ક્યારે નિર્માણ પામ્યું? | **1799, લોર્ડ વેલેસ્લી, સ્વતંત્રતા પછી રાજ્ય કક્ષાએ** |
| 117 | સચિવાલયના વહીવટી વડાં કોણ છે? | **મુખ્ય સચિવ** |

| | | |
|---|---|---|
| 118 | **મુખ્ય સચિવનાં કાર્યો જણાવો.**<br>→ મુખ્યમંત્રીના સલાહકાર,<br>→ નીતિઘડતર અને નિર્ણયો લેવા માટે જરૂરી તથ્યો, આંકડાઓ અને વિકલ્પો પુરાં પાડી બંધબારણે ચર્ચા કરે છે.<br>→ રાજ્યમાં શાંતિ અને સલામતી માટે રાજ્યનાં વહીવટીતંત્ર, પોલીસતંત્ર ઉપર નિરીક્ષણ અને નિયંત્રણ રાખે છે.<br>→ સચિવાલય, પ્રધાનોના ખાતા અને સમગ્ર રાજ્યના વહીવટી તંત્રનું નિરીક્ષણ, સંકલન અને નિયંત્રણ કરે છે.<br>→ રાજ્યમાં સરકારી નિમણંકો, બદલીઓ, બઢતીઓ, તપાસ માટે જરૂરી આદેશ આપે છે.<br>→ રાષ્ટ્રપતિશાસન સમયે રાજ્યપાલના સલાહકાર બનીને વહીવટીતંત્રને માર્ગદર્શન, પ્રેરણા અને નિયંત્રણ પુરા પાડે છે. | |
| 119 | રાજ્યમાં સચિવાલય પછી કોની કચેરીનું નામ આવે છે? | **નિયામકશ્રીની કચેરીનું** |
| 120 | નિયામકશ્રીની કચેરી ક્યાં પ્રકારનું એકમ છે? | **લાઈન એકમ** |
| 121 | સચિવાલય અને નિયામકશ્રીની કચેરી વચ્ચે શો તફાવત છે?<br>→ સચિવાલય નીતિઘડતરનું કામ કરે છે. નિર્ણયો લેવડાવવા – લેવાનું કામ કરે છે. જ્યારે<br>→ નિયામકશ્રીની કચેરી નીતિનો – નિર્ણયોનો અમલ કરાવવાનું કાર્ય કરે છે. | |
| 122 | નિયામકશ્રીની કચેરી બીજા ક્યાં નામે ઓળખાય છે? | **વહીવટી ખાતા** |
| 123 | **નિયામકશ્રીની કચેરીનાં મુખ્ય કાર્યો જાણાવો.**<br>→ તે સચિવાલય અને ક્ષેત્રીય કચેરીઓ વચ્ચે સેતું રૂપ છે. → ક્ષેત્રીય કચેરી દ્વારા થતી અમલીકરણની કામગીરી અંગે સુચના, માર્ગદર્શન અને દેખરેખની કાર્યવાહી કરી તેનું વિશ્લેષણ કરી સરકારશ્રીને નીતિ ઘડતરમાં સલાહ અને માહિતી પૂરી પાડે છે. → પ્રધાનોને ખાતાકીય ટેકનીકલ સલાહ આપવી. → ખાતાનું અંદાજપત્ર તૈયાર કરવું<br>→ અનુદાનની ફળવણી કરવી. → ગૌણ કર્મચારીઓ ઉપર નિરીક્ષણ તથા નિયંત્રણ, શિસ્તભંગનાં પગલા. → ખાતાકીય તાલીમનું આયોજન → કર્મચારીઓને બઢતી અને બદલી માટે ભલામણ જેવા અનેક કાર્યો. | |
| 124 | ભારતમાં સૌપ્રથમ જિલ્લા વહીવટીતંત્રનો ઉલ્લેખ ક્યાં પ્રાચીન ગ્રંથમાં થયેલો જોવા મળે છે? | **મનુસ્મૃતિ** |
| 125 | મૌર્યસામાજ્યમાં જિલ્લા વહીવટીતંત્રના મુખ્ય મહેસુલ અધિકારીને ક્યા નામે ઓળખવામાં આવતા? | **રાજુકા** |
| 126 | મુઘલકાળમાં જિલ્લા અને તેના વહીવટીકર્તાને ક્યાં નામે ઓળખવામાં આવતા? | **સરકાર – મનસબદાર** |
| 127 | **બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયાના સમયગાળામાં ક્યારે અને ક્યાં ગવર્નર જનરલના સમયગાળામાં કલેક્ટર કાર્યાલયની શરૂઆત થઈ?**<br>→ ઈ.સ.1772 માં ગવર્નર જનરલ વોરન હેસ્ટીંગ્સ, ત્યારબાદ 1787 મહેસુલ ઉપરાંત નાગરિક ન્યાય અને ફોજદારી, 1833 વિલિયમ બેંટિક, 1880 ફેમીન કમિશન, 1935 ભારત સરકાર અધિનિયમમાં કલેક્ટરના સ્થાનને મજબુત બનાવાયું. | |
| 128 | **District શબ્દ કઈ ભાષાના શબ્દ પરથી આવ્યો છે? તેનો અર્થ શું થાય છે?**<br>→ લેટિન ભાષાના Districtus ઉપરથી જેનો અર્થ ‘ન્યાય વહીવટથી બનાવાયેલો પ્રદેશ અને Oxford Dictionary પ્રમાણે ‘એવો પ્રદેશ જે ખાસ વહીવટ ઉદ્દેશ્ય માટે નક્કી કરાયો હોય. | |

| | | |
|---|---|---|
| 129 | ભારતનાં બંધારણમાં 'જિલ્લા' શબ્દનો ઉપયોગ ક્યાં જોવા મળે છે? | **અનુ.–133, જિલ્લા ન્યાયાધીશોની નિમણંકના સંબંધમાં** |
| 130 | ભારતમાં જિલ્લાના વહીવટી તંત્રના વડા ક્યા નામે ઓળખાય છે? | **કલેક્ટર** |
| 131 | બંધારણની કઇ કલમમાં કલેક્ટરને તેમની સેવાકીય શરતોમાં રક્ષણ આપવામાં આવ્યું છે? | **અનુ. 311** |
| 132 | **જેલ્લા કલેક્ટરનાં મુખ્ય કાર્ય જણાવો.**<br>→ મહેસુલ વહીવટ, જમીન મહેસુલનું મૂલ્યાંકન, મહેસુલ અંગેના નીચેના અધિકારીઓના નિર્ણય વિરૂદ્ધ અપિલ સાંભળે છે, જમીન અંગેના દસ્તાવેજો મેળવી જમીન સુધારણા અંગેના કાર્યો, ખેત ઉત્પાદન સંબંધી આંકડા, ખેત સુધારણા કાર્યક્રમનું નિરીક્ષણ, દસ્તાવેજો બનાવે છે, ટ્રેઝરી–સબટ્રેઝરી પર નિયંત્રણ રાખે છે.<br>→કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કાર્ય, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની રૂએ ફોજદારી વહીવટ માટે જવાબદાર, પોલીસનું આંતરિક સંગઠન પોલીસ અધિક્ષક સંભાળે છે પણ જિલ્લા પોલીસતંત્રના કાયદો અને વ્યવસ્થા જાળવવા કલેક્ટર. પોલીસતંત્ર પર નિયંત્રણ, દર વર્ષે પોલીસ કામગીરીનો અહેવાલ, કલેક્ટર કચેરીને મ્યુ. કમિશનરો પર જિલ્લા કલેક્ટરની કોઇ સત્તા નથી. કેદીઓને પેરોલ પર છોડે છે, જેલનું નિરીક્ષણ કરે છે, કલમ – 144 દાખલ કરવાની સત્તા, ઔદ્યોગીક વેપારી કાયદાનો ભંગ કરનાર સામે કેસ ચલાવે છે.<br>→વિકાસલક્ષી વહીવટ Development Administration પંચવર્ષીય યોજનાઓ, સમાજ કલ્યાણ, આરોગ્ય, જાહેર બાંધકામ, પુરવઠા વિભાગ<br>→અન્ય કાર્યો : સંસદ/ધારાસભાની ચુંટણીમાં રિટર્નીંગ ઓફીસર, દર 10 વર્ષે યોજાતા તમામ જાહેર કાર્યક્રમોમાં સરકારનાં પ્રતિનિધિ, સરકારના લોકસંપર્ક અધિકારી, કુદરતી આપતિઓ સમયે રાહતકાર્યોનું સંચાલન | |
| 133 | **ગુજરાતમાં પંચાયતી રાજ વિષે જણાવો.**<br>→ 1960, રસિકલાલ પરીખ સમિતિ, ત્રિસ્તરીય પંચાયતી રાજ, – ગુજરાત પંચાયત અધિનિયમ, 1961<br>→ 01/04/1963 – 67, માલદેવજી ઓડેદરા, → 1964, H.L.K કપુર અને સતીન્દ્ર શાહ, → 1964, જાદવજી મોદી,<br>→ 1968, ડાહ્યાભાઇ નાયક, → 1969, શ્રીરંભા શુકલ, → 1970, માલદેવજી ઓડેદરા, → 1972, ઝીણાભાઇ દરજી<br>→ 1978, રીખવદાસ શાહ | |
| 134 | ગુજરાતમાં કઇ સમિતિની ભલામણથી તાલુકા અને જિલ્લા પંચાયતોની ચુંટણી પ્રત્યક્ષ સ્વરૂપની બની? | **દરજી સમિતિ, 1973 નાં સુધારેલા અધિનિયમ** |
| 135 | ગુજરાતમાં ક્યારથી SC/ST અને મહિલાઓ માટે પંચાયતોમાં અનામતની જોગવાઇ છે? | **ગુજરાત પંચાયત ધારો, 1961** |
| 136 | ગુજરાતમાં ક્યારે સ્ત્રી અનામત 20% કરવામાં આવી? | **1973** |
| 137 | રીખવદાસ શાહ સમિતિએ ત્રિસ્તરીય પંચાયતી રાજનું ચોથું સ્તર કોને બતાવેલ છે? | **શહેરી સ્થાનિક સરકાર, Urban Local Government (રાજ્ય પંચાયત પરિષદ)** |

| | | |
|---|---|---|
| 138 | **ભારતમાં સૌપ્રથમ શહેરી સ્થાનિક સરકારનો ઉલ્લેખ કોણે કર્યો હતો?**<br>→ મેંગેસ્થનીઝે 'ઇન્ડિકા' પુસ્તકમાં મૌર્ય સામ્રાજ્યના પાટલીપુત્રના વહીવટનો ઉલ્લેખ કર્યો હતો. | |
| 139 | બ્રિટીશ સમયમાં સૌપ્રથમ નગરપાલિકાની સ્થાપના ક્યા કરવામાં આવી હતી? | **1687, મદ્રાસ** |
| 140 | ગુજરાતમાં સૌપ્રથમ ક્યાં અધિનિયમ વડે નગરપાલિકાનું બંધારણ નક્કી કરવામાં આવ્યું? | **1963 ના નગરપાલિકા અધિનિયમ** |
| 141 | **શહેરી સ્થાનિક સરકારના વિકાસમાં ફાળો આપનાર સમિતિઓ જણાવો.**<br>→ 1) નગરશાસન નવીનીકરણ સમિતિ, 1961, 2) નગરપાલિકા અનુદાન સંહિતા સમિતિ, 1964 | |
| 142 | **ભારતમાં રાષ્ટ્રીય સ્તરે શહેરી સ્થાનિક સરકારના વિકાસ માટે રચાયેલ સમિતિઓ જણાવો.**<br>→ 1949, પી.કે.વેતલ–નાણાકીય તપાસ સમિતિ → 1953, જહોન મથાઇ – કરવેરા આયોગ સમિતિ, → 1963, નુરૂદ્દીન અહેમદ – નગરપાલિકા કર્મચારી તાલીમ ભવન, → 1963, એ.પી.જૈન ગ્રામ્ય શહેરી સંબંધ સમિતિ, → 1963, રફીક ઝાકરીયા – નાણાંકીય સ્ત્રોત અંગેની સમિતિ, → 1965, નગરપાલિકા કર્મચારીઓની સેવાકીય શરતો અંગેની સમિતિ, → 1974, ગીરજાપતિ મુખર્જી – અંદાજપત્રિય સુધારણા સમિતિ, → 1982, કે.એન.શાહ્ના – શહેરી સ્થાનિક સંસ્થાઓ અને મહાનગરપાલિકાઓ બંધારણ, સત્તા અને કાયદા અંગે અભ્યાસ જૂથ, → 1985, સી.એમ.કૌરે – શહેરીકરણ અંગે રાષ્ટ્રીય આયોગ, → 1989, 65 મો બંધારણીય સુધારો, → 1990, સુધારેલ ખરડો, → 1992, 74 મો બંધારણ સુધારો | |
| 143 | ક્યાં બંધારણેય સુધારા દ્વારા શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો? | **74 મો બંધારણીય સુધારો, 1992(December)** |
| 144 | સમગ્ર ભારતમાં ક્યારથી 74 મો બંધારણીય સુધારો અમલી બન્યો? | **1 જુન, 1993** |
| 145 | નગરપાલિકા અને મહાનગરપાલિકામાં વસ્તી પ્રમાણ જણાવો. | **નગરપાલિકા–20000 થી ૫ લાખ, મહાનગરપાલિકા–૫ લાખથી વધું** |
| 146 | ક્યાં બંધારણીય સુધારાથી મેટ્રોપોલિટન આયોજન સમિતિ અને જિલ્લા આયોજન સમિતિની રચના કરવામાં આવે છે? | **74 મો બંધારણીય સુધારો** |
| 147 | **મેટ્રોપોલીટન આયોજન સમિતિ શું?**<br>→ 10 લાખ કે તેથી વધુ વસ્તીવાળા શહેરી વિસ્તારના વિકાસ માટે આ પ્રકારની સમિતિ રચવામાં આવે છે. | |
| 148 | **જિલ્લા આયોજન સમિતિ શું છે?**<br>→ જિલ્લામાં આવેલી પંચાયતો અને નગરપાલિકાઓ સંયુક્ત રીતે જિલ્લાના વિકાસ માટે – જિલ્લા આયોજન સમિતિની રચના કરે છે. | |
| 149 | **શહેરી સ્થાનિક સરકારની મુખ્ય સમસ્યાઓ જણાવો.**<br>→ 1).ઝડપી શહેરીકરણ, 2)નગરપાલિકાઓના કાર્યોનો હ્રાસ, 3)અપૂરતી નાણાંકીય સહાય, 4)નબળી વહીવટી વ્યવસ્થા, 5)લોકોમાં જગરૂકતાનો અભાવ, 6) ભ્રષ્ટાચાર, 7)જાહેર હિતની વિરૂદ્ધ પક્ષીય હિત | |
| 150 | **ભારતમાં જોવા મળતી જાહેર સેવાઓ મુખ્યત્વે કેટલા સ્વરૂપની છે?** | |


Main Branch : Anamika Academy, Basement, Pramukh Apartment, G-2 Circle, Sec-6-B, Gandhinagar
Sub Branch : Basement, Gh-6 Circle Corner, LAL Bhuvan Complex, Sector-22, Gandhinagar
Visit : www.anamikaacademy.org for more details OR Call : 9979997945 (ગ-૨) ,8000040575 (ઘ-૬)

| | | |
|---|---|---|
| | → ચાર સ્વરૂપની. 1)અખિલ ભારતીય સેવાઓ, 2)કેન્દ્રીય સેવાઓ, 3) રાજ્ય સેવાઓ, 4) સ્થાનીક સેવાઓ | |
| 151 | ક્યા કાયદા દ્વારા સંસદે અખિલ ભારતીય સેવાઓની શરતો, વર્તન વગેરે નક્કી કરવામાં આવ્યા છે? | **અખિલ ભારતીય સેવા અધિનિયમ, 1951** |
| 152 | વર્તમાનમાં I.A.S. તરીકે ઓળખાતી સેવા ભૂતકાળમાં ક્યાં નામે ઓળખાતી? | **ભારતીય સનદી સેવા (I.C.S.)** |
| 153 | બંધારણની કઇ કલમ મુજબ રાજ્યસભા નવી અખિલ ભારતીય સેવાઓનું સર્જન કરી શકે છે? | **કલમ ૩૧૨** |
| 154 | ભારત સ્વતંત્ર થયું ત્યારે કેટલી અખિલ ભારતીય સેવાઓ હતી? | **(1) I.A.S. (2) I.P.S.** |
| 155 | કેન્દ્રીય સેવાઓની રચના કોના દ્વારા થાય છે? | **કેન્દ્ર સરકાર દ્વારા જે સમગ્ર દેશમાં સેવા આપે છે.** |
| 156 | કેન્દ્રીય સેવાઓના પ્રથમ અને બીજી શ્રેણીના કર્મચારીઓની ભરતી કોણ કરે છે? | **UPSC** |
| 157 | કેન્દ્રીય સેવાઓના ત્રીજી અને ચોથી શ્રેણીના કર્મચારીઓની ભરતી કોણ કરે છે? | **SSC (કર્મચારી પસંદગી મંડળ)** |
| 158 | રાજ્યોમાં રાજ્ય સેવાઓની ભરતી કરવાં માટે શેની રચના કરવામાં આવે છે? | **રાજ્ય જાહેર સેવા આયોગ** |
| 159 | સ્થાનીક જાહેર સેવાઓમા કોનો સમાવેશ થાય છે? | **રેવન્યુ & પંચાયતી રાજ્ય સેવા, નગરપાલિકા, મહાનગરપાલિકાઓ** |
| 160 | અખિલ ભારતીય અને કેન્દ્રીય જાહેર સેવાઓની ભરતી માટે કઇ કઇ સમિતિઓ રચવામાં આવી હતી? | **ત્રણ. 1.મેકોલે સમિતિ, 2.કોઠારી સમિતિ, 3.સતીશચંદ્ર** |
| 161 | સિવિલ સેવાનો પાયો બ્રિટિશ શાસનકાળ દરમિયાન કઇ સમિતિએ નાખ્યો? | **1854, લોર્ડ મેકોલે સમિતિ** |
| 162 | અખિલ ભારતીય સેવાઓમાં સ્ક્રીનીંગ ટેસ્ટની વિશેષ ભલામણ કઇ સમિતિએ કરી હતી? | **1974, ડી.સી.કોઠરી સમિતિ** |
| 163 | કઇ સમિતિએ U.P.S.C. માં શિક્ષણ, ઇલેક્ટ્રોનિક્સ, દૂરસંચાર અને ચિકિત્સા વિજ્ઞાનનો વૈકલ્પિક વિષય તરીકે સમાવેશ કરવાની ભલામણ કરી? | **સતીશચંદ્ર સમિતિ, 1994. ચીકિત્સા વિજ્ઞાનનો સમાવેશ** |
| 164 | **I.A.S. ની તાલીમનો સમયગાળો તબક્કાવાર જણાવો.**<br>→ પૂર્વભુમિકા તાલીમ – ૪ માસ, વ્યવસાયિક તાલીમ – ૨ માસ, એકમ રાજ્ય જિલ્લા તાલીમ – ૧૨ માસ, વ્યવસાયિક તાલીમ – ૩ માસ, કુલ ૨૧ માસ પછી પરીક્ષા લેવાય છે. | |
| 165 | ક્યાં પ્રાચીન ગ્રંથોમાંથી પોલીસ સેવાનું વર્ણ મળી આવે છે? | **મનુસ્મૃતિ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, શુક્રાચાર્યનાં નીતિસારમાં.** |
| 166 | ભારતમાં સૌપ્રથમ જિલ્લા સ્તરે પોલીસ અધિકારીની નિમણુંક ક્યાં અને ક્યારે કરવામાં આવી હતી? | **1972 માં મુંબઇ પ્રાંતમાં જિલ્લા સ્તરે** |

| | | |
|---|---|---|
| 167 | ક્યો પોલીસ અધિનિયમ આજે પણ ભારતમાં પોલીસ વ્યવસ્થાનો આધાર છે? | **પોલીસ અધિનિયમ, 1861** |
| 168 | ભારતીય પોલીસ સેવાને ક્યારથી સિવિલ સેવામાં સીધી ભરતી માટે સ્થાન મળ્યું? | **1893 માં** |
| 169 | **'સેંડવીચ' પ્રોગ્રામ શું છે તે જણાવો.**<br>→ પોલીસ તાલીમ અંગેના ગોરે સમિતિ(1974) ના અહેવાલ પ્રમાણે 1986 થી 'સેન્ડવીચ' પ્રોગ્રામ નીચે પ્રથમ એક વર્ષ વ્યાવસાયિક અને છેલ્લે 3 માસની તાલીમ મેળવે છે. | |
| 170 | **I.P.S. તાલીમનો સમયગાળો તબક્કાવાર જણાવો.**<br>→ પૂર્વભુમિકા તાલીમ – ૪ માસ, વ્યવસાયિક તાલીમ – ૧૨ માસ, એકમ રાજ્યોમાં જિલ્લા તાલીમ – ૮ માસ, વ્યવસાયિક તાલીમ – ૩ માસ, કુલ ૨૭ માસ પછી પરીક્ષા લેવાય છે. | |
| 171 | **સામાન્યજ્ઞ(Generalists) અને વિશેષજ્ઞ(Specialists) વચ્ચેનો તફાવત સમજાવો.**<br>→ Administrator – સામન્યજ્ઞ – સામન્ય રીતે સામન્યજ્ઞ સિવિલ સેવક છે કો કોઇ નિષ્ણાતની પૂર્વ ભૂમિકા ધરાવતા નથી પરંતુ તેઓ વહીવટી પ્રક્રિયા, કાયદા અને નિયમો ઉપર પ્રભુત્વ ધરાવતાં હોવાથી વહીવટના કોઇપણ ક્ષેત્રમાં મુકાય છે. તેઓ POSDCORD કાર્યો કાર્ય ક્ષમતાપૂર્વક કરી શકે છે. I.A.S. અને અન્ય આ પ્રકારના સિવિલ સેવકો છે.<br>→વિશેષજ્ઞ સેવા – જ્યારે વિશેષજ્ઞ સિવિલ સેવકો એ વિશેષ ક્ષેત્રનું જ્ઞાન ધરાવે છે. અથવા વહીવટી વિશિષ્ટ ક્ષેત્રમાં નિપુણ હોય છે. એન્જિનીયર, ડોક્ટર, આંકડાશાસ્ત્રી,એકાઉંટ. 1966-68 માં જાહેર સેવા અંગેની ફલટન સમિતિએ સામાન્યજ્ઞ માટે વહીવટીકાર અને વિશેષજ્ઞ માટે Specialist બે શબ્દો વાપર્યા. | |
| 172 | ભારતીય સિવિલ સેવા માટેની મેકોલે સમિતિ ઉપર કઇ સમિતિના અહેવાલની અસર હતી જ? | **નોર્થકોર ટ્રાવેલિયન સમિતિ** |
| 173 | સામાન્યજ્ઞ ને ખાનગી ક્ષેત્રમાં કોની સાથે સરખાવી શકાય? | **M.B.A.** |
| 174 | **સામાન્યજ્ઞ અને વિશેષજ્ઞ વચ્ચેના સંબંધોના સુમેળ માટે ક્યા ક્યા પ્રકારની પ્રથાઓ અપનાવવામાં આવે છે?**<br>1. અલગ પદ સોપાન/શ્રેણી Separate Hierarchy – બંનેની વેતન પ્રથા સમાન, વિશેષજ્ઞને યોગ્ય સન્માન, ઓસ્ટ્રેલિયા, સ્વીડન, જર્મની<br>2.સમાંતર પદ સોપાન/શ્રેણી Parallel Hierarchy – બંનેને પોતાના હોદ્દા, સંકલન કર્તાનું કામ વારાફરતી.<br>3.સંયુક્ત પક સોપાન/શ્રેણી Joint Hierarchy - વહીવટીદાર – જોઇન્ટ(વિશેષજ્ઞ)<br>4.એકીકૃત પદ સતાના શ્રેણી Unified Hierarchy – એક જ સ્પર્ધાત્મક પરીક્ષા પગાર/સેવા શરતો સંકલ્પ PAK આ પ્રથાનો સ્વીકાર કરે છે. | |
| 175 | બંધારણની કઇ કલમોમા સંઘ જાહેર સેવા આયોગની રચના, સ્થાન અને સત્તાઓ અંગે જોગવાય કરવામાં આવી છે? | **અનુ. 315 થી 323** |
| 176 | જાહેર સેવા આયોગનાં અધ્યક્ષની નિમણુંક કોણ કરે છે? | **અનુ. 316 મુજબ UPSC-રાષ્ટ્રપતિ, સંયુક્ત– રાષ્ટ્રપતિ, રાજ્ય આયોગ – રાજ્યપાલ** |
| 177 | UPSC માં અધ્યક્ષ અને સભ્યોની સંખ્યા જણાવો. | **અધ્યક્ષ સહિત 9 થી 11** |
| 178 | **જાહેર સેવા આયોગના અધ્યક્ષની ગેરહાજરીમાં કાર્યભાર કોણ સંભાળે છે?** | |

| | | |
|---|---|---|
| | સંઘ/સંયુક્ત 'જાહેર સેવા આયોગ' – રાષ્ટ્રપતિ અને રાજ્ય 'જાહેર સેવા આયોગ' – રાજ્યપાલ દ્વારા નીમાયેલા સભ્યો. | |
| 179 | **જાહેર સેવા આયોગના અધ્યક્ષની કાર્યકાળ જણાવો.** સંઘ/સંયુક્ત 'જાહેર સેવા આયોગ' – ૬૫ વર્ષ / ૬ વર્ષ અને રાજ્ય 'જાહેર સેવા આયોગ' – ૬૨ વર્ષ / ૬ વર્ષ. | |
| 180 | **બંધારણની કઇ કલમ અનુસાર જાહેર સેવા આયોગના અધ્યક્ષને મહાભિયોગ જેવી પ્રક્રિયા દ્વારા દૂર કરી શકાય છે?** અનુ. 317. ત્યાં સુધી સંઘ/સંયુક્ત 'જાહેર સેવા આયોગ' – રાષ્ટ્રપતિ અને રાજ્ય 'જાહેર સેવા આયોગ' – રાજ્યપાલ / સસ્પેન્ડ કરી શકે છે. | |
| 181 | બંધારણની કઇ કલમ અનુસાર જાહેર સેવા આયોગના અધ્યક્ષનો હોદ્દો ધરાવનાર ફરીથી નેમણુંક મેળવી શકતો નથી? | **અનુ. ૩૧૬(૩) (સરકારી નોકરી પણ ન મેળવી શકે)** |
| 182 | બંધારણની કઇ કલમ અનુસાર જાહેર સેવા આયોગના કોણ સભ્યને સંઘ જાહેર સેવા આયોગમાં નિમણુંક આપી શકે છે? | **Art. 319** |
| 183 | **જાહેર સેવા આયોગના સભ્ય સંખ્યા શરતો કોણ નક્કી કરે છે?** સંઘ/સંયુક્ત 'જાહેર સેવા આયોગ' – રાષ્ટ્રપતિ અને રાજ્ય 'જાહેર સેવા આયોગ' – રાજ્યપાલ | |
| 184 | **જાહેર સેવા આયોગોને વેતન ભથ્થા શેમાંથી આપવામાં આવે છે?** સંઘ/સંયુક્ત 'જાહેર સેવા આયોગ' કેન્દ્ર અને રાજ્ય 'જાહેર સેવા આયોગ'/ ની સંચિત નિધિ. | |
| 185 | **સંઘ સેવા આયોગનું મુખ્ય કાર્યાલય ક્યાં આવેલુ છે? તેના 5 વિભાગો જણાવો.** → ધૌલપૂર હાઉસ, દિલ્હી. 1)પરીક્ષા વિભાગ, 2)ભરતી વિભાગ, 3)સેવા વિભાગ, 4)નિમણુંક વિભાગ, 5)ગોપનીય વિભાગ | |
| 186 | બંધારણની કઇ કલમમાં UPSC ના સત્તા અને કાર્યો અંગે જોગવાઇ કરવામાં આવેલી છે? | **અનુ. 320** |
| 187 | બંધારણની કઇ કલમમાં સંસદ અને રાજ્ય વિધાનસભા અનુક્રમે UPSC અથવા રાજ્ય જાહેર સેવા આયોગના કાર્યોમાં વધારો કરવાની સત્તા છે? | **અનુ. 321** |
| 188 | દિલ્હી મ્યુ.કોર્પોરેશનમાં ઉચ્ચ અધિકારીઓની ભરતી કોના દ્વારા થાય છે? | **UPSC** |
| 189 | **બંધારણની કઇ કલમ અનુસાર જાહેર સેવા આયોગો પોતાના કાર્યોનો અહેવાલ કોને આપે છે? અનુ. 323. સંઘ 'જાહેર સેવા આયોગ' – રાષ્ટ્રપતિ અને સંયુક્ત/રાજ્ય 'જાહેર સેવા આયોગ' – રાજ્યપાલ** | |
| 190 | ભારતની કઇ સેવાની ઉમેદવારી માત્ર ભારતીયો જ કરી શકે? | **IPS, IAS, IFS(Indian Foreign Service)** |
| 191 | સિવિલ સેવામાં અન્ય ક્યાં દેશના નાગરિકોને છુટ આપવામાં આવે છે? | **નેપાળ, ભુટાન, તિબેટ** |
| 192 | UPSC માં તકોની સંખ્યા કઇ સમિતિના અહેવાલનાં આધારે નક્કી કરવામાં આવી છે? | **કોઠારી સમિતિ, Open – 4, OBC-7, SC/ST-X** |
| 193 | કઇ સમિતિના અહેવાલના અધારે UPSC ની ભરતી પરીક્ષાને બે | **કોઠારી સમિતિ** |

| | | |
|---|---|---|
| | ભાગમાં વહેંચવામાં આવી છે? | |
| 194 | અખિલ ભારતીય અને કેન્દ્રીય સેવાઓની કેટલા ટકા જગ્યા બઢતી દ્વારા ભરાય છે? | **33.5% થી વધુ નહી એવી.** |
| 195 | ભારતમાં 'સિવિલ સેવક' શબ્દનો સૌપ્રથમ ઉપયોગ ક્યારે થયો? | **1965 માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તેનાં કર્મચારીઓ માટે શરૂ કર્યો** |
| 196 | આધુનિક સિવિલ સેવાનો પાયો કોના સમયમાં નખાયો? | **વોરન હેસ્ટિંગ્ઝ** |
| 197 | કોને ભારતીય સિવિલ સેવાના પિતા તરીકે ઓળખવામાં આવે છે? | **લોર્ડ કોર્નવોલિસ** |
| 198 | ભારતમાં ક્યારથી સિવિલ સેવામાં ભારતીયોને પણ સ્થાન મળવાની શરૂઆત થઈ? | **1853** |
| 199 | બ્રિટિશ સિવિલ સેવા પંચની સ્થાપના ક્યારે થઈ? | **1858** |
| 200 | કઈ સમિતિને ભલામણથી 1926 માં કેન્દ્રીય સિવિલ સેવા પંચની સ્થાપના કરવામાં આવી? | 1923, લોર્ડ વિસકાઉન્ટલી |
| 201 | **બ્રિટિશ ભારતમાં કેન્દ્રીય સચિવાલય (Central Secretariat) નો ઉદ્દ્ભવ અને વિકાસ જણાવો.**<br>→ ૧૮૪૩ – ગવર્નર જનરલે બંગાળથી ભારતના સચિવાલયને અલગ કર્યું. → ૧૮૫૯, લોર્ડ કેનિંગે ખાતાકીય પ્રથા દાખલ કરી પરિષદના સભ્યોને એક કે તેથી વધું ખાતા સોપ્યાં. → ૧૯૦૫, લોર્ડ કર્ઝનના સમયમાં સચિવાલયના કર્મચારીઓની મુદ્દત નક્કી થઈ. → ૧૯૦૫, રેલવે બોર્ડની રચના કરવામાં આવી. → ૧૯૪૭, કેન્દ્રીય સચિવાલયના રાજકીય વડાઓને પ્રધાન તરીકે ઓળખાવવાનું શરૂ કર્યુ. | |
| 202 | **બ્રિટીશ ભારતમાં પ્રાંતીય વહીવટ (Provincial Administration) નો ઉદ્દ્ભવ અને વિકાસ જણાવો.**<br>→ ૧૭૭૨–વોરન હેસ્ટિંગ્ઝ દ્વારા કલેકટર કાર્યાલયની સ્થાપના, → ૧૭૮૬–મહેસુલી બાબતો માટે અલગ મહેસુલી બોર્ડની સ્થાપના, → ૧૮૨૯–લોર્ડ વિલિયમ બેન્ટિકે જિલ્લા અને પ્રાંતોના વહીવટી સંકલન માટે 'ડિવીઝનલ કમિશ્નર' ના કાર્યાલયની સ્થાપના કરી.<br>→ ૧૭૯૨–લોર્ડ કોર્નવોલિસે કલેક્ટરના નિયંત્રણ નીચે જમીનદારી થાણેદારની પ્રથા રદ કરી દરોગા પ્રથા દાખલ કરી. → ૧૮૬૧–ભારતીય પોલીસ અધિનિયમ દ્વારા જિલ્લાના પોલીસતંત્રને કલેક્ટરના નિયંત્રણ હેઠળ મુક્યું. | |
| 203 | **૧૯૨૪ નો કેન્ટોમેન્ટ ધારો કોની સાથે સંકળાયેલો છે?**<br>→ કેન્દ્રીય ધારાસભાને અલગ સ્થાનિક વહીવટી એકમ બનાવ્યા. (સ્થાનિક વહીવટીતંત્ર સાથે) | |
| 204 | ભારતમાં અંદાજપત્ર પ્રથાની શરૂઆત ક્યારથી થઈ? | **૧૮૬૦ માં** |
| 205 | ભારતમાં ક્યારે રેલવેનું બજેટ અલગ કરવામાં આવ્યું હતું? | **૧૯૨૧, એડવર્થ સમિતિ** |
| 206 | બ્રિટીશ ભારતમાં કોના સમયમાં પ્રાંતો માટે નાણાંકિય વહીવટને વિકેન્દ્રિત કરવામાં આવ્યો? | **લોર્ડ મેયોના સમયમાં** |
| 207 | ભારતમાં સૌપ્રથમ જાહેર હિસાબ સમિતિનિ રચના ક્યારે કરવામાં આવી? | **૧૯૨૧** |
| 208 | ભારતની સંસદીય સરકાર અન્ય ક્યાં નામે ઓળખાય છે? | **કેબીનેટ સરકાર અથવા જવાબદાર સરકાર** |

| | |
|---|---|
| 209 | **ભારતમાં સમવાયતંત્રી લક્ષણો જણાવો.**<br>→ 1.સમકક્ષ સરકારો, 2.સત્તાવિભાજન, 3.લેખિત અને કઠિન બંધારણ, 4. બંધારણની સર્વોપરિતા, 5.સર્વોચ્ચ અદાલત, 5.કાયમી જોડાણ |
| 210 | **કેન્દ્ર-રાજ્ય ધારાકિય સંબંધો અંગે બંધારણીય જોગવાયઓ જણાવો.**<br>→ ભારત બંધારણનાં અનુ. ૨૪૫ થી ૨૫૫ કેન્દ્ર રાજ્યના ધારાકિય સંબંધો દર્શાવ છે.<br>→ અનુ. ૨૪૯ : રાજ્યસભાના હાજર અને મત આપનાર સભ્યોની ૨/૩ બહુમતીથી 'રાષ્ટ્રહિત' માટે રાજ્યયાદી પર કોઈ કાયદો ઘડવાનો આગ્રહ કરે તો કેન્દ્ર સરકારે ઘડેલો કાયદો એક વર્ષ માટે અમલી બની શકે. બીજા વર્ષે તેની જરૂર જણાય તો ફરીથી પસાર કરવો પડે.<br>→ અનુ. ૨૫૦ : કટોકટીના સમયે કેન્દ્ર ભારત કે તેના કોઈ એક ભાગ માટે રાજ્ય યાદીના વિષય પર કાયદો ઘડી શકે છે. જે કટોકટી પછી છ માસ સુધી ચાલુ રહી શકે છે.<br>→ બે કે તેથી વધુ રાજ્યોની ધારાસભા રાજ્ય યાદીના વિષય ઉપર કાયદો ઘડવાની કેન્દ્રને માગણી કરે ત્યારે તે કાયદો ઘડી શકે છે. આંતરરાષ્ટ્રીય કરાર કે સંધિ માટે જરૂર પડે તો કેન્દ્ર રાજ્ય યાદીના કોઈપણ વિષય ઉપર કાયદો ઘડી શકે છે.<br>→ જ્યારે કોઈ રાજ્યમાં અનુ. ૩૫૬ અનુસાર રાષ્ટ્રપતિ શાસન હોય ત્યારે પણ સંસદ તે રાજ્યની ધારાસભા વતીથી કાયદો ઘડી શકે છે. |
| 211 | **બંધારણની કઈ કલમો અનુસાર આંતરરાજ્ય સમિતિની રચના કોણ કરે છે?**<br>→ કલમ ૨૬૩ મુજબ રાષ્ટ્રપતિ કેન્દ્ર અને એક અથવા વધુ રાજ્યોના મતભેદ નિવારણ માટે આંતરરાજ્ય સમિતિની નિમણુંક કરી શકે છે. |
| 212 | **કેન્દ્રીય આવકના નાણાંકીય સાધનો જણાવો.**<br>→ આવકવેરો, જકાતવેરો, ખાંડ/તમાકુ જેવી ચીજો પર ઉત્પાદન કર, ચલણ અને ટંકશાળ દ્રારા થતી આવક, રેલવે, તાર-ટપાલ, ટેલિફોન તંત્ર દ્રારા થતી આવક, જાહેર યોજનામાંથી પ્રાપ્ય આવક, રાષ્ટ્રીયકૃત ઉદ્યોગોની નફાની આવક, દંડ કે જપ્તી દ્રારા થતી આવક. |
| 213 | **રાજ્ય આવકના નાણાંકીય સાધનો જણાવો.**<br>→ વેચાણવેરો, જમીન મહેસુલ, ખેત ઉત્પાદન પરના કરવેરા, વારસાવેરો, ધંધા-રોજગાર પરનો વેરો, મનોરંજન વેરો, યાત્રાળુ વેરો, સ્ટેમ્પ વેરો, મોજશોખની વસ્તુઓ પરનો વેરો, વિદ્યુતવેરો, વાહનવેરો |
| 214 | **કેન્દ્ર અને રાજ્ય વચ્ચે નાણાંકીય સાધનોની ફાળવણીની પદ્ધતિઓ જણાવો.**<br>→ મુખ્ય ત્રણ પદ્ધતિઓ છે. (1)કેન્દ્ર સરકાર દ્રારા નાખવામાં આવતા અને ઉઘરાવવામાં આવતા વેરાં - ખેતીવાડી મિલકત પરનો વારસા વેરો, રેલવેની ટિકીટ અને નુર પરનો વેરો, રેલવે-લાઇન-જળમાર્ગ મુસાફરી/માલ પરનો વેરો, તમાકુ જેવી ચીજ પરની આબકારી જકાત, વર્તમાનપત્રોનો વિનિમય તથા જાહેરખબરો જેવી બાબત.<br>(2) કેન્દ્રસરકાર દ્રારા નાખવામાં આવતા અને રાજ્યો દ્રારા ઉઘરાવાતા અને ખર્ચાતા વેરા - સૌંદર્ય પ્રસાધનની વસ્તુઓ પરનો કર, દવાઓ પરની જકાત.<br>(3) કેન્દ્ર સરકાર દ્રારા નાખવામાં આવતા અને ઉઘરાવવામાં આવતા પણ કેન્દ્ર અને રાજ્ય બંને વચ્ચે વહેંચાતા વેરા, કેટલીક વસ્તુઓના ઉત્પાદન વેરા - બિનખેતી વિષયક આવક પર નંખાયેલા વેરા. |
| 215 | **નાણાંપંચની બંધારણીય જોગવાય જણાવો.**<br>→ અનુ. ૨૮૦ મુજબ દર 5 વર્ષે રાષ્ટ્રપતિ નાણાપંચની નિમણુંક કરે છે જે કેન્દ્ર રાજ્ય વચ્ચે નાણાકીય સાધનોની યોગ્ય વહેંચણી કરે છે. |

| | | |
|---|---|---|
| 216 | મહારાષ્ટ્રમાં સચિવાલયને ક્યા નામે ઓળખવામાં આવે છે? | **મંત્રાલય** |
| 217 | ભારતનું સમગ્ર વહીવટી તંત્ર કોને જવાબદાર છે? | **વડાપ્રધાન સહિતના મંત્રીમંડળ (કેબિનેટ)** |
| 218 | ભારતીય સંસદીય વ્યવસ્થામાં વાસ્તવિક કારોબારીની ભૂમિકા કોણ ભજવે છે? | **કેન્દ્રીય કેબિનેટ** |
| 219 | **ભારતમાં કેબિનેટ સચિવાલય (પ્રધાનમંડળ/મંત્રીમંડળ સચિવાલય) ની શરૂઆત ક્યારથી થયેલી માનવામાં આવે છે?**<br>→ બ્રિટીશ ભારતમાં ૧૮૬૧ ના Act મુજબ ગવર્નર જનરલની કારોબારી પરિષદને મદદ કરવા રચાયેલ 'વિભાગીય વ્યવસ્થા' થી. ૧૯૪૭ થી આ 'વિભાગીય વ્યવસ્થા' ને કેબિનેટ સચિવાલય તરીકે ઓળખવામાં આવ્યું છે. | |
| 220 | કેબિનેટ સચિવાલય ઔપચારીક રીતે કોને જવાબદાર હોય છે? | **વડાપ્રધાન** |
| 221 | કેબિનેટ સચિવાલયના મુખ્ય વડા કોણ હોય છે? | **કેબિનેટ સચિવ** |
| 222 | ૧૯૪૭ માં શરૂઆતમાં કેબિનેટ સચિવાલયમાં મુખ્યત્વે કેટલી શાખાઓ હતી? | **નાગરિક શાખા, લશ્કરી શાખા, જાસુસી શાખા** |
| 223 | કેબિનેટ સચિવાલયમાં ક્યારથી 'લોક ફરિયાદ વિભાગ' ની શરૂઆત કરવામાં આવી? | **૧૯૮૮** |
| 224 | **કેબિનેટ સચિવાલયના મુખ્ય કાર્યો જણાવો.**<br>→ કેબિનેટની બેઠકો નક્કી કરે છે. કેબિનેટની બેઠકોમાં થયેલ ચર્ચા તથા લેવાયેલા નિર્ણયની નોંધ તૈયાર કરે છે. સંસદના કાયદા ઘડતર માટે ખરડાઓ તૈયાર કરે છે. કેન્દ્રના જુદા જુદા પ્રધાનોના ખાતાનું કાર્યોનું સંકલન કરે છે. વિદેશ નીતિની મહત્વની બાબતો અંગે વિદેશો સાથે પરામર્શ કરે છે, કેન્દ્ર સરકારની કામગીરીની માસિક નોંધ, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને અન્ય પ્રધાન સમક્ષ રજુ કરે છે. કેન્દ્ર કક્ષાએ પ્રધાનમંડળ દ્વારા નિમાયેલ, વિવિધ સમિતિઓ, ઉપસમિતિઓ માટે સચિવાલય સંબંધી જરૂરી કામગીરી કરે છે. | |
| 225 | આયોજન પંચનો ખ્યાલ આપણે ક્યાં દેશ પાસેથી મેળવ્યો છે? | **સોવિયેત રશિયા** |
| 226 | કોની ભલામણના આધારે અને ક્યારે ભારતમાં આયોજન પંચની રચના કરવામાં આવી? | **15 માર્ચ, 1950 આયોજન સલાહકાર બોર્ડના ચેરમેન કે.સી.નિયોગીની ભલામણથી** |
| 227 | આયોજનપંચ ક્યા પ્રકારની સંસ્થા છે? | **ગેરબંધારણીય અને બિનકાયદાકીય** |
| 228 | કોણ હોદ્દાની રૂએ નીતિ પંચના અધ્યક્ષ હોય છે? | **વડાપ્રધાન** |
| 229 | બંધારણની કઇ કલમમાં નાણાંપંચની જોગવાય છે? | **૨૮૦** |
| 230 | નાણાંપંચની રચના કોણ અને ક્યારે કરે છે? | **રાષ્ટ્રપતિ દર 5 વર્ષે** |
| 231 | **નાણાપંચમાં કુલ કેટલા સભ્યો હોય છે? તેમની લાયકાત જણાવો.**<br>→ કુલ 5 સભ્યો. એક અધ્યક્ષ અને અન્ય ચાર. લાયકાત (1) Sc/Hc ના નિવૃત ન્યાયાધીશ, (2) નાણાકીય વહીવટનો વ્યાપક અનુભવ ધરાવનાર, (3) અર્થશાસ્ત્રનાં નિષ્ણાંત | |
| 232 | **નાણાપંચ ક્યાં પ્રકારની સંસ્થા છે?**<br>→ બંધારણીય અને સલાહકારી સંસ્થા છે. તેનું સ્થાન દેવાની અદાલતની સમકક્ષ છે. જે પોતાની | |

| | | |
|---|---|---|
| | કામગીરી સ્વંય નક્કી કરે છે. નાણાપંચની ભલામણોનો અમલ ત્રણ રીતે થાય છે. (1) રાષ્ટ્રપતિના આદેશ દ્વારા અમલી બનનાર, (2) કારોબારીના આદેશ દ્વારા અમલી બનનાર, (3) સંસદ દ્વારા ઘડાયેલા અધિનિયમોને આધારે. | |
| 233 | **નાણાપંચના મુખ્ય કાર્યો જણાવો.** → 1) કેન્દ્ર અને રાજ્ય વચ્ચે કરની યોગ્ય વહેંચણી, 2)ભારતના એકત્રિત ફંડમાંથી રાજ્યોને ગ્રાન્ટ આપવા માટે યોગ્ય માર્ગદર્શન, 3) ૭૩ માં અને ૭૪ માં બંધારણીય સુધારા મુજબ રાજ્ય નાણાપંચે કરેલ ભલામણ મુજબ રાજ્યમાંથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને યોગ્ય પ્રમાણમાં ગ્રાન્ટ આપવા રાજ્યની ગ્રાંટમાં વૃદ્ધિ કરવા માટે જરૂરી પગલા બાબત. 4) રાષ્ટ્રપતિ દ્વારા નાણાપંચને મોકલાવાયેલ બીજી કોઇ બાબત. 5) કેન્દ્ર રાજ્ય વચ્ચે નાણાકિય સંબંધો સરળ બનાવે છે. 6) રાજ્યો-રાજ્યો વચ્ચે આર્થિક અસમાનતા દૂર કરે છે. 7) કેન્દ્ર રાજ્ય વચ્ચે તથા રાજ્ય રાજ્ય વચ્ચે ઉદ્‌ભ્દવતા નાણાંકિય વિવાદોનો ઉકેલ લાવે છે. | |
| 234 | ભારતમાં સૌપ્રથમ નિયંત્રક અને લેખા પરીક્ષક વિભાગની રચના ક્યારે કરવામાં આવી? | 1753, ઈસ્ટ ઇન્ડિયા કંપનીના શાસન દરમ્યાન |
| 235 | CAG ની બંધારણીય જોગવાય જણાવો. | કલમ. ૧૪૮ (૧૪૮-૧૫૧) |
| 236 | CAG નું મુખ્ય કાર્યાલય ક્યાં આવેલું છે? | નવી દિલ્હી |
| 237 | **ભારતમાં જાહેર સાહસોની સ્થાપના એ બંધારણની કઇ બાબત સાથે સંબંધિત છે?** → રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ 'સમાજવાદી સમાજ રચનાના આદર્શ' | |
| 238 | W.T.O. ના નિયમ મુજબ ક્યારથી ભારતીય બજારના ભાવ મુક્ત આયાત હેઠળ ખુલી ગયેલા છે? | 1 એપ્રિલ, 2001 |
| 239 | **જાહેર સાહસો એટલે શું?** → જે સંપુર્ણ રીતે અથવા કેટલાક પ્રમાણમાં સંઘ સરકાર અથવા એકમ રાજ્ય સરકાર અથવા સંઘ અને એકમ રાજ્ય સરકારની સંયુક્ત માલિકી ધરાવે છે. | |
| 240 | **ભારતમાં જાહેર સાહસો મુખ્યત્વે કેટલા પ્રકારના છે?** → **4** સ્વરૂપના જાહેર સાહસો છે. **(1)** વિભાગીય સાહસ - રેલવે, તાર ટપાલ, (2) જાહેર નિગમ (3)સરકારી કંપનીઓ, (4)હોલ્ડિંગ કંપનીઓ | |
| 241 | **વિભાગીય/ખાતાકીય સાહસ એટલે શું? સમજાવો.** → તેનો વહીવટ રાજ્યના વિવિધ ખાતઓ દ્વારા થાય છે. અને તેનો નફો-નુકસાન સરકાર પાસે રહે છે. તેનું નીતિનિર્માણ અને નિયંત્રણ લોકસભા દ્વારા થાય છે. તેની નાણાંકીય નીતિઓનો ઉલ્લેખ સરકારના બજેટમાં જોવા મળે છે. તેના ઉપર CAG નિયમો લાગુ પડે છે. તેના કર્મચારીઓની સેવા શરતો પણ સરકારી કર્મચારી જેવી હોય છે. તેનાં પર ખાતાકિય અપ્રધાનનું નિયંત્રણ હોય છે. કોઈપણ વ્યક્તિ કે સંસ્થા આસાહસ ઉપર સરકારની સંમતી વિના કેસ કરી શક્તી નથી. જેમ કે તાર, ટપાલ, રેલવે સરકારે પ્રેસ,સુરક્ષા સંબંધી ઉત્પાદન એકમો. | |
| 242 | **જાહેર કંપની એટલે શું?** → જાહેર અથવા સરકારી કંપની એ છે કે જેમાં ઓછામાં ઓછી ૫૧% મુડી કેન્દ્ર સરકાર અથવા એકમ રાજ્ય સરકારની અથવા બંનેની સંયુક્ત હોઇ શકે છે. આમાં તે કંપનીઓ પણ સામેલ છે જે સરકારી કંપનીઓની સહાયક હોય છે. જે ૧૯૫૬ ના કંપની ધારા પ્રમાણે નોંધાયેલ હોય છે. તેની સ્થાપના કારોબારીના આદેશથી થાય છે. ધારાસભ્યની મંજુરીની જરૂર નથી. | |
| 243 | **ક્ષેત્રીય નેગમ (Sector Corporation) એટલે શું?** | |

| | | |
|---|---|---|
| | → જ્યારે ઉદ્યોગોનું કોઇ ક્ષેત્ર એક કરતા વધું સરકારી ખાતાઓને સ્પર્શતું હોય ત્યારે આવા ઉદ્યોગોમાં સંકલન મુશ્કેલ બને છે. ત્યારે તેમના વચ્ચે સંકલન સ્થાપવા ક્ષેત્રીય નિગનની સ્થાપના કરવામાં આવે છે. જેમ કે ગુજરાતમાં રસ્તાં, બંદરો, પાવર પ્લાન્ટ, ટેલિકોમ્યુનિકેશન વગેરે જેવા પ્રોજેક્ટનું સંકલન કરી યોગ્ય દિશામાં તેનો વિકાસ થાય તે હેતુથી મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે ગુજરાત ઇન્ડ્સ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બોર્ડ સ્થાપવામાં આવ્યુ છે.<br>→ જાહેર ક્ષેત્રના અન્ય સ્વરૂપો (1) નિયંત્રણ બોર્ડ – બહુહેતુક યોજનાઓના વિસ્તાર અને વિકાસ માટે જેમ કે નાગાર્જુન કંટ્રોલ બોર્ડ, (2) જાહેર ટ્રસ્ટ (Public Trust) જાહેર સેવાઓના સંચાલન માટે or સમાજને સમાન રીતે સ્પર્શતી બાબતોના સંચાલન માટે જેમ કે યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા. (3) પંચ (Commision) ધારાસભાના કાયદાથી ચોક્કસ ક્ષેત્રમાં વિકાસ કાર્યો કરવા જેમ કે ખાદી અને ગ્રામોધોગ પંચ. (4)સહકારી સમાજ (Co-Operative Society) ચોક્કસ પ્રવૃતિની સ્થાપના અને વિકાસ માટે. Ex. NDDB. (5) Commodity Boards ચોક્કસ ઉદ્યોગોના વિકાસ માટે જેમ કે સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીયલ બોર્ડ. | |
| 244 | અમેરિકામાં ક્યાં પ્રકારની શાસન વ્યવસ્થા છે? | **સમવાયી વ્યવસ્થા & પ્રમુખ પદ્ધતિવાળી લોકશાહી** |
| 245 | અમેરિકી તંત્રમાં રાજકીય અને વાસ્તવિક વડા કોણ છે? | **રાષ્ટ્રપ્રમુખ** |
| 246 | રશિયામાં ક્યા પ્રકારની શાસન વ્યવસ્થા છે? | **સમવાયી વ્યવસ્થા અને લોકશાહી વ્યવસ્થા** |
| 247 | રશિયામાં દ્વીગૃહી ધારાસભા ક્યાં નામે ઓળખાય છે? | **ઉપલુગૃહ – સમવાય પરિષદ નીચલુંગૃહ – ડ્યુમા** |
| 248 | રશિયન સમવાયતંત્રમાં રાજ્યની અને કારોબારીના તથા સર્વોચ્ચ લશ્કરી વડા કોણ હોય છે? | **રાષ્ટ્રપતિ** |
| 249 | રશિયામાં રાષ્ટ્રપ્રમુખની મરજી આધારિત રહેલું પ્રધાનમંડળ ક્યા દેશની વ્યવસ્થા સાથે સામ્ય ધરાવે છે? | **ફ્રાંસ** |
| 250 | સોવિયેત શબ્દનો અર્થ શું થાય છે? | **સ્થાનિક લોકોની પ્રતિનિધિ સભા** |
| 251 | ક્યાં દેશોનું બંધારણ અલિખીત છે? | **બ્રિટન, ઇઝરાયેલ** |
| 252 | કોને સંસદીય લોકશાહીની જનની કહેવામાં આવે છે? | **બ્રિટન** |
| 253 | બ્રિટનની સંસદમાં ક્યા બે ગૃહ છે? | **આમસભા-House of Commans ઉમરાવસભા – House of Lords** |
| 254 | બ્રિટનમા કોણ સર્વોપરી ગણાય છે? | **બિનલેખિત બંધારણ આથી સંસદ સર્વોપરી** |
| 255 | બ્રિટનમા સિવિલ સેવા વિકસાવવા કઇ સમિતિનો ફાળો નોંધપાત્ર છે? | **નોર્થકોર ટ્રાવેલિયન સમિતિ, ( ૧૮૫૩ માં રચાઇ, ૧૮૫૪ માં અહેવાલ આપ્યો.** |
| 256 | **બ્રિટનમાં સ્વીડનના ઓમ્બ્યુડસમેન સમકક્ષ કોણ હોદ્દો ધરાવે છે?** | |

| | | |
|---|---|---|
| | → જહોન વ્હેટ સમિતિ, ૧૯૬૧ ના અહેવાલના આધારે ૧૯૬૭ થી સ્થાપેલ 'સંસદીય કમિશનર' | |
| 257 | બ્રિટનમાં ક્યારથી બજેટ પ્રણાલીનો જન્મ થયો? | **૧૮૦૩** |
| 258 | ભારતમાં બજેટને શું કહેવાય છે? | **વાર્ષિક નાણાંકિય નિવેદન** |
| 259 | બંધારણના ક્યા અનુચ્છેદમાં રાજ્ય બજેટની જોગવાઇ છે? | **૨૦૨** |
| 260 | કોના મતાનુસાર 'અંદાજપત્ર' એક નાણાંકિય યોજના છે જેમાં ગયા વર્ષનાં નાણાંકિય અનુભવ અને અગાઉ વર્ષની યોજના છે? | **માર્શલ ડિમોક** |
| 261 | કોના મતાનુસાર 'અંદાજપત્ર એક નિશ્ચિત મુદત માટે સરકારની નાણાંકિય વ્યવસ્થા છે'? | **એફ.ડબલ્યુ.ટેઇલર** |
| 262 | અંદાજપત્રની જવાબદારી ભારતમાં કોની છે? | **નાંણાખાતાની** |
| 263 | અંદાજપત્રની જવાબદારી બ્રિટનમાં કોની છે? | **ટ્રેઝરી** |
| 264 | અંદાજપત્રની જવાબદારી USA કોની છે? | **સંચાલન કાર્યાલય અને અંદાજપત્ર** |
| 265 | **અસરકારક અંદાજપત્ર અંગેના સિદ્ધાંતો જણાવો.**<br>→ (1) અંદાજપત્ર સમતુલિત હોવું જોઇએ, (2) અંદાજ ચોક્કસ હોવો જોઇએ. (3) અંદાજપત્રીય એકતા, (4)રદ થતી ગ્રાંટનો નિયમ, (5) પૂર્વ આદેશ | |
| 266 | ભારતમાં નાણાંકીય વર્ષનો સમયગાળો? | **1 April થી 31 March** |
| 267 | ભારતમાં કેન્દ્રીય બજેટ કોણ અને ક્યારે રજુ કરે છે? | **નાણાંપ્રધાન, ફેબ્રુઆરી મહિનાના છેલ્લા મહિનામાં** |
| 268 | **નાણાવિનયોગ (Appropriation bill) ખરડો શું છે?**<br>→ બજેટની ખાતાકીય માંગણીઓ લોકસભામાં મંજુર થયા પછી તેને નાણાં વિનિયોગ ખરડા સ્વરૂપે સામાન્ય ખરડાની જેમ લોકસભામાં રજુ થાય છે. | |
| 269 | નાણાવિનયોગ ખરડા (કોઇપણ નાણા ખરડા)ને રાજ્યસભામાં વધુંમા વધું કેટલા ટાઇમ રોકી શકાય છે? | **વધુમાં વધુ ૧૪ દિવસ** |
| 270 | મહેસુલ વિભાગ મુખ્યત્વે કોને આધીન હોય છે? | **નાણામંત્રીને** |
| 271 | મહેસુલ વિભાગનું કાર્ય શું હોય છે? | **મહેસુલનો નિર્ણય કરવાનું, તેને એકત્ર કરવાનુ અને તેના પર નિયંત્રણ રાખવાનું** |
| 272 | ભારતમાં 'હિસાબ અને હિસાબ પરિક્ષણ વિભાગ' એટલે શું? | **CAG** |
| 273 | CAG કેવી સંસ્થા છે? | **બંધારણીય અને કારોબારીથી સ્વતંત્ર** |
| 274 | **હિસાબનાં મુખ્ય પ્રકાર કેટલા છે?**<br>→ (1) મહેસુલ વિભાગ, (2)મૂડીગત હિસાબ, (3)દેવા સંબંધી હિસાબ, (4)ચુકવણી સંબંધી હિસાબ. | |
| 275 | **ભારતનાં ક્યા ક્ષેત્રો ઓડિટ કે હિસાબ તપાસ અધિકારની બહાર હોય છે?**<br>→ (1) ગુપ્ત સેવા ઉપરનો અર્થ, (2)આંતરરાષ્ટ્રીય સંગઠનોને અપાયેલ દાન, (3) સ્વતંત્ર | |

| | |
|---|---|
| | સંસ્થાઓને અપાતું દાન જો તે વાર્ષિક એક લાખથી ઓછી રકમ પુનરાવર્તિત અથવા 5 લાખથી વધુ બિન પુનરાવર્તિત હોય. (4)સ્થાનીક એકમોને અપાયેલ અનુદાનનું ઓડીટ (સ્થાનિક તપાસ અધિકારી દ્વારા થાય છે). |

## બંધારણ, પંચાયતીરાજ અને પબ્લિક એડમિનિસ્ટ્રેશનના MIX પ્રશ્નો

| | | |
|---|---|---|
| 1 | બંધારણની કઇ કલમમાં ચુટણીપંચની જોગવાય છે? | **324** |
| 2 | મતદાતાઓની ઊંમર 21 થી 18 કરવા બાબતની કલમ કઈ? | **326** |
| 3 | 'No Control, No cooperation' નું સુત્ર કોણે આપ્યું? | **મહર્ષિ અરવિંદ ઘોષ** |
| 4 | બંધારણ સભા શેની બનેલી હતી? | **389 સભ્યો(292–બ્રિટીશ પ્રાંતના , 4–કમિશનર, 93–દેશી રજવાડાઓ)** |
| 5 | ભારતના ક્યાં રાજ્યમાં સૌપ્રથમ સામ્યવાદી સરકાર બની? | **કેરળ** |
| 6 | સુપ્રિમ કોર્ટનો સેલ્વી ચુકાદો(2010) શેની સાથે સંકળાયેલ છે? | **જમ્મુ–કશ્મીરમાં મિલકત ખરીદવા અંગે** |
| 7 | 1977 માં અશોક મહેતા સમિતિએ શાની સ્થાપનાની ભલામણ કરી? | **દ્વીસ્તરીય પંચાયત (મંડલ પંચાયત અને જિલ્લા પંચાયત)** |
